Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

卐 રજતજયંતિનું વર્ષ 卐


દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૯૭


## તું મોક્ષપંથે આવ

શ્રીગુરુ શિખામણ આપે છે કે હે ભવ્ય! આત્માના અનુભવ માટે સાવધાન થાજે....શૂરવીર થાજે....જગતની પ્રતિકૂળતા દેખીને કાયર થઈશ નહિ....પ્રતિકૂળતા સામે ન જોઈશ, શુદ્ધઆત્માના આનંદ સામે જોજે. શૂરવીર થઈને-ઉદ્યમી થઈને આનંદનો અનુભવ કરજે. 'હરિનો મારગ છે શૂરાનો....' તે પ્રતિકૂળતામાં કે પુણ્યની મીઠાશમાં કયાંય અટકતા નથી; એને એક પોતાના આત્માર્થનું જ કામ છે. તે ભેદજ્ઞાનવડે આત્માને બંધનથી સર્વથા પ્રકારે જુદો અનુભવે છે. આવો અનુભવ કરવાનો આ અવસર છે-ભાઈ! તેમાં શાંતિથી તારી ચેતનાને અંતરમાં એકાગ્ર કરીને ત્રિકાળી ચૈતન્યપ્રવાહરૂપ આત્મામાં મગ્ન કર...ને રાગાદિ સમસ્ત બંધભાવોને ચેતનથી જુદા અજ્ઞાનરૂપ જાણ. આમ સર્વ પ્રકારે ભેદજ્ઞાન કરીને તારા એકરૂપ શુદ્ધઆત્માને સાધ. મોક્ષને સાધવાનો આ અવસર છે.

અહો, વીતરાગના મારગડા...જગતથી જુદા છે. જગતના ભાગ્ય છે કે સંતોએ આવો મારગ પ્રસિદ્ધ કર્યો છે. આવો મારગ પામીને હે જીવ! ભેદજ્ઞાન વડે શુદ્ધઆત્માને અનુભવમાં લઈને તું મોક્ષપંથે આવ.


તંત્રી : જગજીવન બાવચંદ દોશી * સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૪, અષાઢ ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૫ : અંક ૯

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સમ્પાદકીય

## ગુરુદેવના ચરણોમાં મારા જીવનના પચીસ વર્ષ



આ અષાઢ સુદ બીજે જ્યારે પૂ. ગુરુદેવની પવિત્ર છાયામાં આવ્યાને મને પચીસ વર્ષ પૂરા થાય છે. ત્યારે ગુરુદેવના પરમ ઉપકારથી ભરેલા સંસ્મરણો ઘણી ભકિતથી જાગૃત થાય છે...ને પવિત્ર સંતોના ચરણોમાં વીતેલા મધુરતાભર્યા પચીસ વર્ષ હૃદયને પુલકિત કરે છે.

પરમપૂજ્ય કહાનગુરુદેવના પવિત્ર ચરણકમળમાં હું સં. ૧૯૯૯ ના અષાઢ સુદ બીજના દિવસે આવ્યો; અવ્યક્તપણે પણ તે મારા જીવનનો અપૂર્વ મંગલ દિવસ હતો. આ અબુધ બાળકને તે વખતે તો કલ્પના પણ ન હતી કે હવેનું આખુંય જીવન આ સંતના ચરણમાં જ રહેવાનું મહાભાગ્ય મળશે. તે વખતે તો મારા વડીલ ભાઇજીની સાથે માત્ર ચાર દિવસ માટે રાજકોટ આવેલો, અને મારા ભાઈજીની પ્રેરણાથી એક ડાયરીબુકમાં મેં ગુરુદેવના પ્રવચનમાંથી થોડીક નોંધ કરી. તે વખતે પ્રવચનમાં સમયસારની છઠ્ઠી ગાથાનો છઠ્ઠો દિવસ ચાલતો હતો...ને મેં પહેલું વાકય આ લખ્યું હતું : 'દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્ય જે છે તે જ છે.'

ત્યારબાદ ચાર દિવસ પૂરા થયા ને હું તો રાજકોટથી પાછો મોરબી જવા માટે રવાના થયો. પરંતુ, જેનું હિત થવાનું હોય તેને આવા સંતના ચરણથી કુદરત કેમ દૂર થવા દે! અજાણ્યો અજાણ્યો રસ્તો શોધતો હું સ્ટેશન તરફ જઈ રહ્યો હતો ત્યાં તો અચાનક વરસાદ આવવા લાગ્યો –જાણે કે એ વરસાદરૂપી મધુરી વાણીદ્વારા આકાશ મને કહેતું હોય કે 'તું અહીંથી જા મા...અહીં જ તારું હિત છે.' છતાં હું તે આકાશવાણી ન સમજ્યો ને સ્ટેશન તરફ આગળ પહોંચ્યો. સ્ટેશનની નજીક પહોંચતા જ જોયું કે ટ્રેઈન તો આ ચાલી જાય!!

( –અનુસંધાન પાનું ૩૯ )

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા
* વર્ષ ૨૫ : અંક ૯ *

વીર સં. ૨૪૯૪
અષાઢ

# અવસર આવ્યો આત્મજ્ઞાનનો

ગુરુદેવ પરમ વાત્સલ્યભરી પ્રેરણાથી કહે છે કે હે ભાઈ! અત્યારે આત્મજ્ઞાન માટેનો આ અવસર છે...તું આ વાત લક્ષમાં તો લે. માંડ આવા ટાણાં મળ્યા છે...તેમાં કરવાનું તો એક આ જ છે. અંદરમાં જરા ધીરો થઈ, બહારના કાર્યોનો રસ છોડી, વિચાર કર તો તને જણાશે કે આત્માનો સ્વભાવ અને રાગ બંને એક થઈને રહેવા યોગ્ય નથી પણ જુદા પડવા યોગ્ય છે. બંનેનો સ્વભાવ જુદો છે તેથી જુદા પડી જાય છે. ભાઈ! સમય-સમય કરતાં કાળ તો ચાલ્યો જ જાય છે; તેમાં જો તું તારા સ્વભાવ-સન્મુખ ન થયો તો તેં શું કર્યું? જે કરવા જેવું કાર્ય છે તે તો આ જ છે. ગમે તેટલા પ્રયત્નવડે પણ વિકારથી ભિન્ન ચેતનનો અનુભવ કરવો-તે જ કરવાનું છે.

( પ્રજ્ઞાછીણીના પ્રવચનમાંથી : પૂરું પ્રવચન અંદર વાંચો )

# મોક્ષમાર્ગ સાધવાની રીત

## ભગવાને પરાશ્રયરૂપ વ્યવહાર બધોય છોડાવ્યો છે
## શુદ્ધ વસ્તુરૂપ નિશ્ચયનું એકનું જ આલંબન કરાવ્યું છે

સર્વજ્ઞના માર્ગમાં વીતરાગી સન્તોએ કઇ રીતે મોક્ષમાર્ગ સાધ્યો ? તેની વિધિ બતાવતાં આચાર્યદેવ સ્વાનુભવ સહિત કહે છે કે પરાશ્રિત એવા સમસ્ત વ્યવહારને છોડીને અને સ્વાશ્રિત એવા સમ્યક્ નિશ્ચયરૂપ શુદ્ધ આત્મામાં એકમાં જ નિષ્કંપ રહીને વીતરાગમાર્ગી સંતોએ મોક્ષમાર્ગ સાધ્યો છે, અમે પણ એ જ વિધિથી મોક્ષમાર્ગ સાધી રહ્યા છીએ...ને જગત પણ એ જ એક વિધિથી મોક્ષમાર્ગને સાધો.

( સમયસાર કળશ ૧૭૩ ઉપરના પ્રવચનમાંથી )

મોક્ષમાર્ગમાં વિચરતા સન્તો શું કરે છે? તે વાત છે. મુનિ હો કે સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થ હો –તે બધા સન્ત છે, મોક્ષમાર્ગી છે. અસંખ્યાત સમકિતી ને કરોડો મુનિ તે બધા અંદરમાં કઇ રીતે મોક્ષમાર્ગને સાધે છે તે અહીં બતાવ્યું છે. આમાં જૈનશાસનનો નીચોડ આવી જાય છે.

પ્રથમ તો, સમ્યગ્દ્રષ્ટિ જીવરાશિ એટલે કે સમ્યગ્દ્રષ્ટિ જીવોનો સમૂહ મહિમાવંત એવા પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં લીન થઈને પરમ સુખને અનુભવે છે; શુદ્ધસ્વરૂપમાં એકાગ્રતા વડે જ સુખ છે; કોઈપણ પરાશ્રયભાવમાં સુખ નથી. પરાશ્રિતભાવ તે તો દુઃખ છે; માટે બધોય પરાશ્રયભાવ છોડવાનો ભગવાનનો ઉપદેશ છે, ને એકલા શુદ્ધ–

સ્વરૂપના અવલંબનનો ભગવાનનો ઉપદેશ છે. આનાથી વિરુદ્ધ માને, વ્યવહારના આશ્રયથી લાભ માને, તો તેણે ભગવાનના સ્વાલંબી ઉપદેશને જાણ્યો નથી. ભગવાનનો ઉપદેશ તો સ્વાલંબનનો એટલે કે શુદ્ધાત્માના આશ્રયનો છે; એમ કરે તેણે જ ભગવાનના ઉપદેશને યથાર્થ ઝીલ્યો કહેવાય.

અહો! સર્વજ્ઞ ભગવાનનો આવો ઉત્તમ ઉપદેશ સાંભળીને સમ્યગ્દ્રષ્ટિજીવો શુદ્ધાત્મામાં સ્થિર થઈને સુખને કેમ ન અનુભવે? સમ્યગ્દ્રષ્ટિ તો શુદ્ધાત્માનો આશ્રય કરીને આનંદને અનુભવે છે. –એટલે સમ્યગ્દ્રષ્ટિ થવાની પણ આ જ રીતે છે કે વ્યવહારનો આશ્રય છોડીને શુદ્ધઆત્માનો આશ્રય કરવો, –એ પણ આમાં આવી ગયું. ભાઈ! તારે જન્મ–મરણનાં દુઃખોનો અંત લાવવો હોય ને પરમ સુખનો અનુભવ કરવો હોય તો પરથી અત્યંત ભિન્ન આત્માને જાણીને તેમાં જ સ્થિરતા કર.

ભગવાનનો યથાર્થ ઉપદેશ સાંભળતાં પોતાના શુદ્ધસ્વરૂપનો પરમ મહિમા આવે છે ને રાગનો મહિમા રહેતો નથી. એટલે ધર્મીજીવ રાગાદિ સાથે એકતાબુદ્ધિ સર્વથા છોડીને, પોતાના શુદ્ધસ્વરૂપમાં જ એકાગ્ર થઈને તેના અનુભવથી સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્ર પ્રગટ કરે છે. આ રીતે શુદ્ધાત્માના આશ્રયે મોક્ષમાર્ગ છે માટે તેનો આશ્રય કરવા જેવો છે; ને જેટલા પરાશ્રિત વ્યવહારભાવો છે તે બધા મોક્ષમાર્ગ નથી પણ બંધમાર્ગ છે માટે તે બધાનો આશ્રય છોડવા જેવો છે. અહો, આવો સ્પષ્ટ માર્ગ ભગવાને દિવ્યધ્વનિ દ્વારા સમવસરણમાં બતાવ્યો ને ગણધર વગેરે સન્તોએ તે ઝીલ્યો, ને જગતના જીવોને ઉપદેશ્યો. આવા માર્ગનો નિશ્ચય તો કરો!

સ્વાશ્રિત મોક્ષમાર્ગના સાચા નિશ્ચય વડે પરાશ્રયબુદ્ધિ છૂટે છે ને પરિણતિનું વલણ અંતર્મુખ ઢળે છે. સર્વે અરિહંતોએ શુદ્ધઆત્માના આશ્રયે જ મોક્ષમાર્ગ કહ્યો છે, રાગના આશ્રયે કે શરીરના આશ્રયે મોક્ષમાર્ગ કહ્યો નથી. મોક્ષ કોણ પામે? કે જે નિશ્ચયરૂપ શુદ્ધાત્માનો આશ્રય કરે તે; ''નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.''

અહીં તો કહે છે કે: આવા શુદ્ધઆત્માના આશ્રયનો અને વ્યવહારના આશ્રયના ત્યાગનો ઉપદેશ સાંભળતાંવેંત ધર્મના કામી જીવો પોતાના શુદ્ધસ્વરૂપને ઝડપથી આલંબે છે, જોરથી પોતાના સ્વભાવનું અવલંબન કરે છે...શુદ્ધ જ્ઞાનઘન સ્વભાવના મહિમામાં પોતાના આત્માને એકાગ્ર કરે છે...નિષ્કંપપણે આક્રમીને શુદ્ધસ્વરૂપમાં પહોંચી જાય છે.

ધર્મી શુદ્ધસ્વરૂપમાં આક્રમણ કરે છે–ઝડપથી તેમાં પ્રવેશીને તેનો અનુભવ કરે છે; પરભાવોમાં રોકાતા નથી પણ તેનાથી ભિન્ન થઇને શુદ્ધસ્વરૂપને પહોંચી વળે છે –અનુભવમાં લ્યે છે. સમ્યક્ નિશ્ચયને એકને જ અનુભવીને શુદ્ધજ્ઞાનઘનના મહિમામાં જ્ઞાન સ્થિર થયું–તે જ શરણ છે, તે જ શાંતિ છે, તે જ મોક્ષમાર્ગ સાધવાની રીત છે.

‘એક’ એટલે બીજા બધાયથી નિરપેક્ષ, જેમાં નિમિત્તની, રાગની કે ભેદની અપેક્ષા નથી એવા શુદ્ધજ્ઞાનઘન નિર્વિકલ્પ એક સ્વરૂપનો જ આશ્રય (અનુભવ) કરવાથી મોક્ષમાર્ગ સધાય છે. આ સિવાય બીજાના આશ્રયે મોક્ષમાર્ગ માને તો તેને માર્ગની વિપરીતતા છે, એટલે કે મિથ્યાત્વ છે. મોક્ષમાર્ગના જે રત્નત્રય છે તે અન્ય દ્રવ્યોથી અત્યંત નિરપેક્ષ છે ને એક પોતાના શુદ્ધસ્વરૂપનું જ તેને અવલંબન છે एकम् एव એટલે સમ્યક્ નિશ્ચયને એકને જ અનુભવવો–એમ કહીને બીજા સઘળાય વ્યવહાર ભાવોનો આશ્રય જિનભગવાને છોડાવ્યો છે.

રાગથી તો નિવૃત્ત થવાનું (પાછા વળવાનું) ભગવાને કહ્યું છે; જો રાગમાં એકતાબુદ્ધિ કરે તો તેનાથી જીવ કેમ પાછો વળે? અને જે જીવ રાગને મોક્ષનું સાધન માને તે તેમાં એકતાબુદ્ધિ કર્યા વિના રહે નહિ. અહીં સમજાવે છે કે હે ભાઈ! મોક્ષનો માર્ગ તો એક શુદ્ધ આત્મવસ્તુના જ આશ્રયે છે, અન્ય કોઇના આશ્રયે મોક્ષમાર્ગ નથી. માટે બધાય પરનો આશ્રય છોડીને સન્તો માત્ર એક નિર્વિકલ્પ ચૈતન્ય વસ્તુને જ અનુભવે છે. તેનો જ આશ્રય કરે છે. જેમાં રાગાદિ સમસ્ત પરાશ્રયભાવોનો અભાવ છે એવી નિર્વિકલ્પ વસ્તુ, તેના અનુભવ વડે સમ્યક્ત્વાદિ થાય છે ને મિથ્યાત્વ છૂટે છે.

જેટલા બહિર્મુખભાવ તે મોક્ષમાર્ગ નહિ. અંતર્મુખ શુદ્ધઆત્માના આશ્રયરૂપ વીતરાગભાવ તે જ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગરૂપ આત્મઅનુભવ, તેમાં બીજા કોઈની મદદ–અપેક્ષા નથી. વિકલ્પનીયે અપેક્ષા નથી. આવો પરમ નિરપેક્ષ મોક્ષમાર્ગ છે.

જેમ સ્વ–પરની એકતાબુદ્ધિરૂપ મિથ્યાભાવ બંધનું કારણ હોવાથી ભગવાને તે મિથ્યાભાવ છોડાવ્યો છે, તેમ શુભાશુભ જેટલા પરાશ્રય ભાવો છે તે બધાય પણ બંધનું જ કારણ હોવાથી ભગવાને તે પરાશ્રયભાવો છોડાવ્યા છે; પરાશ્રિત એવો બધોય વ્યવહાર ભગવાને છોડાવ્યો છે, એટલે કે તેનો આશ્રય છોડીને સમ્યક્ નિશ્ચયરૂપ એક શુદ્ધઆત્માનો જ નિષ્કંપ આશ્રય કરાવ્યો છે; તેના જ આશ્રયે મોક્ષમાર્ગ છે. જેટલો શુદ્ધાત્માનો આશ્રય છે તેટલો જ મોક્ષમાર્ગ છે; જેટલો પરાશ્રયભાવ છે તેટલો બંધભાવ છે. જ્ઞાનીને તે પરાશ્રયભાવમાં એકત્વબુદ્ધિ છૂટી ગઈ છે તેથી તેનાથી તે છૂટો છે–મુક્ત છે.

સમ્યક્નિશ્ચયમાં લીન, ને વ્યવહારથી વિમુક્ત, એવા સમ્યગ્દ્રષ્ટિ સન્તો મોક્ષને સાધે છે. શુદ્ધઆત્માને દેખવો–અનુભવવો તેને જ જૈન શાસન કહ્યું છે. વ્યવહારનો આશ્રય કરીને અશુદ્ધતાનો અનુભવ કરે તેને જૈનશાસન નથી કહ્યું, તેને ધર્મ નથી કહ્યો. શુદ્ધવસ્તુના અનુભવ વગર ધર્મ કેવો? હજી તો શુભરાગ તે જૈનધર્મ છે એમ માને તે રાગનું સેવન છોડીને શુદ્ધવસ્તુનું સેવન કયાંથી કરશે? રાગનું સેવન, રાગથી કંઇ પણ લાભબુદ્ધિ, તે તો મિથ્યાબુદ્ધિ છે. મોક્ષમાર્ગ તો ભગવાને શુદ્ધાત્માના સેવનથી જ કહ્યો છે.

અંદરના ગુણગુણીભેદ સંબંધી કોઈ સૂક્ષ્મ વિકલ્પ, તે વિકલ્પ અંદરના અનુભવમાં જવા માટે કાંઈક તો સહાયકારી થશે! –તો કહે છે કે ના; સઘળાય વિકલ્પરૂપ વ્યવહારનો આશ્રય છોડ, ને શુદ્ધઆત્માનો આશ્રય કર ત્યારે જ તને અંતરમાં આનંદનો અનુભવ થશે ને ત્યારે જ મોક્ષમાર્ગ શરૂ થશે. આ કળશના રચનાર અમૃતચંદ્રાચાર્યદેવે જ પુરુષાર્થસિદ્ધિઉપાય શાસ્ત્ર રચ્યું છે; તેમાં પણ કહે છે કે– 'एवमयं कर्मकृतैः भावैः असमाहितो अपि युक्त इव प्रतिभाति बालिशानां प्रतिभास : स खलु भवबीजम् ।' (ગા.૧૪) આ ચૈતન્યસ્વરૂપ શુદ્ધઆત્મા છે તે શરીરાદિક અને રાગાદિક એવા કર્મકૃત ભાવોથી અસંયુક્ત છે–ભિન્ન છે, છતાં બાલિશ એટલે કે અજ્ઞાની જીવોને તે રાગરૂપ ને શરીરરૂપ હોય એવો પ્રતિભાસ થાય છે; અજ્ઞાનીઓનો તે પ્રતિભાસ ખરેખર ભવનું બીજ છે.

જાુઓ, આ ભવનું બીજ! તેની સામે મોક્ષનું બીજ શું ? –કે 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' નિશ્ચયનયવડે દેહથી ને રાગથી ભિન્ન એવા પોતાના શુદ્ધઆત્માને અનુભવમાં લેવો તે મોક્ષનું બીજ છે. તેમાં કયાંય રાગની અપેક્ષા નથી, રાગથી તો તે અસંયુક્ત છે. શુદ્ધઆત્માનો અનુભવ રાગને સ્પર્શતો નથી.

રાગથી લાભ માનશે તે જીવ રાગ વગરના શુદ્ધઆત્માને કેમ અનુભવશે? જે સમ્યક્ સ્વભાવમાં વિકલ્પ છે જ નહિ એને અનુભવમાં –શ્રદ્ધામાં લેતાં કોઈ વિકલ્પમાં લાભબુદ્ધિ રહેતી નથી. વિકલ્પની પરવા વગરનો ખુદ આત્મા પોતે પોતાને સ્વાનુભૂતિથી અનુભવે છે, –આવો મોક્ષમાર્ગ ભગવાને કહ્યો છે. રાગ–વિકલ્પ કે ભેદરૂપ વ્યવહારનો જેટલો આશ્રય છે તેટલો તો અશુદ્ધ ભાવબંધ છે, તે મોક્ષનું કારણ થઇ શકતો નથી.

અહો, આવા સ્વાધીન મોક્ષમાર્ગને કોણ ન સેવે! સમ્યક્ નિશ્ચય એવા નિજસ્વરૂપના મહિમામાં કોણ લીન ન થાય? ને રાગમાં–વ્યવહારમાં કોણ લીન રહે? સન્તો એટલે સમ્યગ્દ્રષ્ટિ સાધકજીવો વિકલ્પથી ભિન્ન થઈને, વ્યવહારનો આશ્રય છોડીને, એક

સમ્યક્ નિશ્ચયરૂપ નિજસ્વરૂપના મહિમામાં લીન થાય છે–તેને અનુભવે છે. –આ મોક્ષમાર્ગને સાધવાની રીત છે.

જેણે શુદ્ધઆત્માને અનુભવમાં લઇને મિથ્યાત્વભાવ છોડયો એણે શુદ્ધસ્વરૂપથી વિરુદ્ધ એવા સમસ્ત વ્યવહારભાવ છૂટી ગયા એટલે કે તે બધાય વ્યવહારમાંથી એકત્વબુદ્ધિ તેને છૂટી ગઈ છે. વિકલ્પો તે વીતરાગસ્વરૂપથી વિપરીત છે; તેમાં કયાંય એકતાબુદ્ધિ સમ્યગ્દષ્ટિને રહેતી નથી. માટે ‘સમ્યગ્દષ્ટિને વ્યવહાર નથી’ –એમ કહ્યું; તે એક સમ્યક્ નિશ્ચયરૂપ શુદ્ધસ્વરૂપમાં જ તન્મય–લીન છે. આવી અંતરંગદષ્ટિ ધર્માત્માને હોય છે. ધર્માત્માની આવી અંતરદશાને વ્યવહારની રુચિવાળો ઓળખી શકે નહિ. આ તો વીતરાગી શાસ્ત્રોનો અપૂર્વ નીચોડ છે. શુદ્ધસ્વરૂપનો અનુભવ કરવો ને વ્યવહારનો આશ્રય છોડવો તે સર્વે વીતરાગીશાસ્ત્રોનું તાત્પર્ય છે એટલે તે જૈનશાસનનો સાર છે ને તે મોક્ષમાર્ગ છે. આ રીતે જ મોક્ષમાર્ગ સધાય છે.

જાુઓ, વીતરાગમાર્ગી સન્તોએ મોક્ષમાર્ગ કઈ રીતે સાધ્યો તેની આ વાત છે. ત્રણેકાળે સર્વે જીવોને માટે આ એક જ મોક્ષની રીત છે. –‘એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.’ સમ્યક્ નિશ્ચયરૂપ જે પોતાનો શુદ્ધસ્વભાવ, તેનું અવલંબન કરતાં બીજા બધાનું ( ભેદનું–રાગનું–પરનું ) અવલંબન છૂટી જાય છે. પરાશ્રયભાવમાં રાગની ઉત્પત્તિ છે, તેથી જેટલા પરાશ્રિતભાવો છે તેમનો મોક્ષમાર્ગમાં નિષેધ છે. શુભરાગ –વિકલ્પ હોય પણ ધર્મી તેને મોક્ષમાર્ગરૂપ નથી જાણતા. તેને બંધભાવ તરીકે જાણીને હેય સમજે છે. જગતમાં જે કોઈ સમ્યગ્દષ્ટિ–જીવરાશિ છે તે આ પ્રકારે જ મોક્ષને સાધે છે.

## સમ્યગ્દષ્ટિ–જીવરાશિ

સંસારમાં સમ્યગ્દષ્ટિ–જીવરાશિ અસંખ્યાત છે.

- નરકમાં સમ્યગ્દષ્ટિ કરતાં મિથ્યાદષ્ટિ અસંખ્યગુણા છે.
- સ્વર્ગમાં સમ્યગ્દષ્ટિ કરતાં મિથ્યાદષ્ટિ અસંખ્યાતગુણા છે.
- મનુષ્યોમાં સમ્યગ્દષ્ટિ કરતાં મિથ્યાદષ્ટિ અસંખ્યાતગુણા છે.
- તિર્યંચમાં સમ્યગ્દષ્ટિ કરતાં મિથ્યાદષ્ટિ અનંતગુણા છે.
- નરકમાં સમ્યગ્દષ્ટિ અસંખ્યાત છે.
- સ્વર્ગમાં સમ્યગ્દષ્ટિ અસંખ્યાત છે.

- મનુષ્યમાં સમ્યગ્દ્રષ્ટિ સંખ્યાત છે.
- તિર્યંચમાં સમ્યગ્દ્રષ્ટિ અસંખ્યાત છે.
- સિદ્ધમાં તો અનંતાજીવો બધાય સમ્યગ્દ્રષ્ટિ છે, મિથ્યાદ્રષ્ટિ ત્યાં છે જ નહિ.

હવે આ બધા સમ્યગ્દ્રષ્ટિ જીવોનો સમૂહ શું કરે છે? કે શુદ્ધસ્વરૂપને અવલંબીને આનંદનો ઉપભોગ કરે છે, ને સમસ્ત વ્યવહારનું અવલંબન છોડે છે. શાર્દૂલસિંહની જેમ નિજાનંદની મસ્તીમાં વિચરે છે.

અત્યારથી માંડીને ભવિષ્યનો અનંતાનંતકાળ આત્મિક સુખનો જ અનુભવ કર્યા કરે– એવું મહા કાર્ય શું વ્યવહારના અવલંબને થતું હશે? ના; શુદ્ધનિશ્ચયરૂપ જ્ઞાનાનંદસ્વરૂપના અવલંબને જ અનંતકાળનું મહાન સુખ પ્રગટે છે. માટે સન્તો, સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માઓ; અતીન્દ્રિય સુખના અભિલાષીઓ, પરમ સંતોષથી નિજમહિમાથી ભરપૂર શુદ્ધસ્વરૂપમાં જ એકાગ્રતા કરે છે. સમ્યક્નિશ્ચયરૂપ નિજસ્વરૂપ સિવાય બીજાનો મહિમા ધર્મીને આવતો નથી. ભાઈ! તેરા પંથ બહારમેં નહિ, તેરા પંથ રાગમેં નહિ, તેરા પંથ તારા શુદ્ધસ્વરૂપમાં જ છે. આવા શુદ્ધસ્વરૂપને જેઓ અવલંબે છે તેઓ જ ભગવાનના પંથમાં છે. રાગથી ધર્મ માને તેઓ ભગવાનના પંથમાં નથી.

શુદ્ધસ્વરૂપના વેદનમાં રાગના વેદનનો અભાવ છે. જેનો અભાવ છે તેના અવલંબને શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ કેમ થાય? ન જ થાય. માટે ધર્માત્મા જીવો રાગનું અવલંબન સર્વથા છોડીને શુદ્ધસ્વરૂપના નિજ મહિમામાં જ જ્ઞાનને એકાગ્ર કરે છે.

સત્ય વસ્તુ એટલે શુદ્ધ વસ્તુ નિર્વિકલ્પ છે; કોઈ વિકલ્પ વડે તે અનુભવમાં આવી શકતી નથી, વિકલ્પ તેમાં પ્રવેશી શકતો નથી. ધર્મી જીવો આવી શુદ્ધવસ્તુને આક્રમે છે એટલે કે પુરુષાર્થ વડે તેમાં પહોંચી વળે છે, –અંતર્મુખ થઈને તેમાં પ્રવેશે છે. બીજા બધાને છોડે છે ને અંતરમાં સમ્યક્નિશ્ચયને એકને જ ગ્રહણ કરે છે, –આ જ મોક્ષમાર્ગ છે, ને આજ ધર્માત્માનું ચિહ્ન છે.

શુદ્ધસ્વરૂપને અનુભવમાં લેતાં, તે શુદ્ધસ્વરૂપથી વિપરીત જે કોઈ પરભાવો છે તે બધા છૂટી જાય છે. નિશ્ચયનો આશ્રય કરતાં વ્યવહારનો આશ્રય છૂટી જાય છે. સર્વજ્ઞના પંથના કેડાયતી એવા સન્તો આ પ્રકારે એક નિશ્ચયના આશ્રયે મોક્ષમાર્ગને સાધે છે.

આચાર્ય ભગવાન પોતે આવા મોક્ષમાર્ગને સાધી રહ્યા છે, ને જગતના જીવોને એવો સ્વાશ્રિતમોક્ષમાર્ગ દેખાડી રહ્યા છે. ભાઈ! આવા મોક્ષમાર્ગ વગર પરાશ્રયભાવમાં તો તારો અનંતકાળ સંસારમાં વીત્યો. રાગાદિભાવોને પોતાના માનીને અનંતકાળ તેં દુઃખમાં જ ગુમાવ્યો. એનાથી છૂટવા ને અનંતકાળનું સુખ પામવા માટે મોક્ષનો આ મહા પંથ વીતરાગી સન્તોએ બતાવ્યો છે તેનું સેવન કર. સ્વભાવના સેવનથી જે શુદ્ધભાવો પ્રગટયા તેમાં વ્યવહારના બંધભાવ જરાપણ છે જ નહિ, તે અબંધભાવ છે, અબંધભાવ કહો કે મોક્ષમાર્ગ કહો.

ગુરુદેવ સ્વાશ્રિતમાર્ગ પ્રત્યેના પ્રમોદથી કહે છે કે વાહ રે વાહ! સન્તોએ આવો સ્પષ્ટ મોક્ષમાર્ગ ખુલ્લો કર્યો છે. નિશ્ચયસ્વભાવના આશ્રયે જ મુનિઓએ મોક્ષને સાધ્યો છે. ને વ્યવહારના આશ્રયે કદી મોક્ષ સાધી શકાતો નથી. માટે સમ્યગ્દ્રષ્ટિને સઘળાય વ્યવહારનો આશ્રય છૂટી ગયો છે; એને જે શુદ્ધભાવ પ્રગટયો છે તેમાં નિશ્ચયનો જ એકનો આશ્રય છે, વ્યવહારનો આશ્રય તેમાંથી છૂટી ગયો છે...આવી પરિણતિ વડે જ મોક્ષમાર્ગ સધાય છે. –મોક્ષમાર્ગ સાધવાની આ રીત છે.

જ્ઞાનધારા અને કર્મધારા બંનેની જાત તદ્દન જુદી છે; જ્ઞાનધારા તે મોક્ષભાવ છે, કર્મધારા તે બંધભાવ છે; જ્ઞાનધારા શુદ્ધાત્માના આશ્રયે છે, કર્મધારા તે પરાશ્રયે છે. જ્ઞાનધારાનું ફળ સાદિઅનંત પરમ આનંદની પ્રાપ્તિ છે; કર્મધારા તે દુઃખરૂપ છે. આમ બંને ધારાની અત્યંત ભિન્નતાનું સ્વરૂપ પોતાના ભાવમાં સ્પષ્ટ ભાસવું જોઇએ. બંનેને એકબીજામાં ભેળવી દૈ, બંધભાવના એક અંશનેય મોક્ષમાર્ગ માને–તો તેને મોક્ષના કારણને જાણ્યું જ નથી, મોક્ષમાર્ગ તેણે જોયો જ નથી, એટલે તે તો બંધનમાં જ વર્તે છે. અહીં તે બંધનથી છૂટવાની ને મોક્ષમાર્ગ સાધવાની રીત વીતરાગી સન્તોએ બતાવી છે. દેહનો તો સંયોગ ક્ષણમાં છૂટી જશે, –ભાઇ! આવા જીવનમાં મોક્ષમાર્ગને સાધ...આત્માના સ્વરૂપનો નિર્ણય કર...ને અરિહંતદેવના વીતરાગ માર્ગમાં આવ. શુદ્ધઆત્માના આશ્રય વગર વીતરાગમાર્ગમાં અવાતું નથી. વીતરાગમાર્ગમાં સન્તોની શૈલી કોઈ અજબ છે! એમના અંદરના ભાવો અપૂર્વ ગંભીર છે. સમયસાર કોઈ અપૂર્વ માંગળિક પળોમાં જગતના મહાભાગ્યે રચાઈ ગયું છે...કુંદકુંદાચાર્યદેવ સ્વાનુભવમાં ઝૂલતા ઝૂલતા અંદર કલમ બોળી બોળીને પોન્નૂર પર્વત ઉપર જ્યારે આ સમયસાર લખતા હશે (તે વખતની ભાવભીની અદ્ભુત ચેષ્ટા બતાવીને ગુરુદેવ કહે છે કે–) અહો! વીતરાગી સન્તોએ ન્યાલ કર્યા છે!

મોક્ષમાર્ગ બતાવીને સંતોએ ન્યાલ કર્યા છે ને ભવભ્રમણથી છોડાવ્યા છે. આવો મોક્ષમાર્ગ જાણીને અંદરમાં તેનો ઉદ્યમ કરવા જેવું છે. આવો મોક્ષમાર્ગ સાંભળવા મળવો તે પણ મહા ભાગ્યે મળે છે, ને અંદર તેનો નિશ્ચય કરે તે તો ન્યાલ થઈ જાય એવું છે.

સ્વાશ્રયે જેટલી નિર્મળતા થઈ તેટલો જ મોક્ષમાર્ગ છે; ને જેટલો પરાશ્રયરૂપ અશુદ્ધભાવ રહે તેટલું બંધન છે. –આમ જાણીને સ્વાશ્રયભાવમાં ઠર્યો ત્યાં તેમાં વ્યવહારનો આશ્રય છૂટી જ ગયો છે. સ્વાશ્રયભાવ ને પરાશ્રયભાવ બંનેને એકતા કદી થતી નથી, બંને ભિન્ન જ છે. આવી ભિન્નતાનું ભાન થવું તેમાં મોક્ષમાર્ગની શરૂઆત છે. વારંવાર ભાવના ઘૂંટીને આ ભાવો અંતરમાં દ્રઢ કરવા જેવા છે, આત્મામાં એના સંસ્કાર પડતાં અપૂર્વ કલ્યાણ થાય છે. ને મોક્ષમાર્ગ સધાય છે.

આ રીતે શુદ્ધાત્માના સ્વાશ્રયે મોક્ષમાર્ગ સાધવાની વિધિ વીતરાગમાર્ગમાં સન્તોએ પ્રસિદ્ધ કરી છે. આ વિધિથી નિશ્ચયના અવલંબને મોક્ષમાર્ગ સાધવો તે મુમુક્ષુનું કર્તવ્ય છે.

**जयवंत हो स्वाश्रित मोक्षमार्ग....અને ते मार्गसाधक वीतरागमार्गी सन्तो।**

## સોનગઢમાં શ્રાવણ–ભાદરવો

❖ સોનગઢમાં દશલક્ષણીપર્યુષણપર્વ ભાદરવા સુદ ચોથ ને મંગળવાર તા.૨૭–૮–૬૮ થી શરૂ થશે, અને ભાદરવા સુદ ૧૪ ને ગુરુવાર તા.૫–૯–૬૮ ના રોજ પૂરા થશે. (વચ્ચે એક તિથિ ઘટતી હોવાથી દસલક્ષણીપર્વનો પ્રારંભ એક દિવસ વહેલો થાય છે.)

❖ દર વર્ષની માફક ધાર્મિક પ્રવચનના ખાસ દિવસો શ્રાવણ વદ ૧૨ ને બુધવાર તા.૨૧–૮–૬૮ થી શરૂ થશે.

❖ સોનગઢમાં દર વર્ષની માફક આ શ્રાવણ માસમાં શ્રાવણ સુદ પાંચમને મંગળવાર તા.૩૦–૭–૬૮ થી ખાસ પ્રૌઢ વયના ભાઈઓ માટેનો જૈન શિક્ષણવર્ગ શરૂ થશે અને શ્રાવણ વદ ૯, રવિવાર, તા.૧૮–૮–૬૮ સુધી ચાલશે. ઉત્તમ શ્રેણીમાં જૈન સિદ્ધાન્ત પ્રશ્નોત્તરમાળા અને જૈન તત્ત્વમીમાંસા ચાલશે, તો તે પુસ્તકો જેમની પાસે હોય તેમણે સાથે લાવવા. (આ શિક્ષણવર્ગ માત્ર મોટી ઉંમરના ભાઈઓ માટે છે. અને વર્ગમાં માત્ર ભાઈઓ જ બેસે છે, બહેનો માટે આ વર્ગ નથી.)

# મોક્ષાર્થી જીવનું કામ

( કળશ ૧૮૪-૧૮૫ ના પ્રવચનમાંથી

## સિદ્ધાન્તનું સેવન કઇ રીતે કરવું ?

જે ભાવ આત્માના સ્વભાવપણે અનુભવાય તે ઉપાદેય છે.

જે ભાવ આત્માના સ્વરૂપપણે ન અનુભવાય તે હેય છે.

જે રાગાદિક પરભાવો છે તેઓ આત્માના ચેતનસ્વભાવ સાથે મેળવાળા નથી પણ અણમળતા છે.

જેમ ચેતનભાવ અને જડભાવ એ બંનેને એકબીજા સાથે મળતાપણું નથી પણ અણમળતાપણું છે, જુદી જ જાત છે;

તેમ જ્ઞાનભાવ ને રાગભાવને પણ મેળ નથી, એકપણું નથી, પણ અણમળતાપણું છે, ભિન્નપણું છે. શુદ્ધજીવના સ્વરૂપપણે તે રાગાદિ અનુભવાતા નથી, માટે તેઓ જીવનું સ્વરૂપ નથી.

–આવો અનુભવ તે સાચા જીવનો અનુભવ છે, ને તે મોક્ષનું કારણ છે.

મોક્ષાર્થી એટલે કે આત્માના અતીન્દ્રિયસુખને જે ઉપાદેય સમજે છે તે જીવે કોનું સેવન કરવું? કે હું શુદ્ધ એક ચૈતન્યમાત્ર છું–એવા પરમાર્થનો અનુભવ કરવો. સિદ્ધાન્તમાં આત્માનો આવો અનુભવ કરવાનું કહ્યું છે માટે મોક્ષાર્થીએ આવો અનુભવ કરવો. –એનું જ નામ સિદ્ધાન્તનું સેવન છે.

ચૈતન્યથી ભિન્ન લક્ષણવાળા અનેક ભાવો તે હું નથી, એક પરમજ્ઞાનપ્રકાશી ચૈતન્યભાવ જ હું છું–આવા અનુભવમાં જ અતીન્દ્રિય સુખ છે. માટે અતીન્દ્રિયસુખના અભિલાષી જીવો આવા આત્માનું સેવન કરો. પરમ જ્ઞાનપ્રકાશી આત્મા સ્વસંવેદનપ્રત્યક્ષ છે. જ્ઞાનનું લક્ષણ શું ને રાગનું લક્ષણ શું–એમ બંનેના ભિન્ન લક્ષણને ઓળખીને, શુદ્ધચૈતન્યલક્ષણસ્વરૂપે પોતાને અનુભવવો તે મોક્ષાર્થીનું કામ છે, તે મોક્ષનો માર્ગ છે.

કયાં જ્ઞાન ને કયાં રાગ? કયાં પરમ અતીન્દ્રિયસુખ ને કયાં આકુળતા? બંનેને મેળ નથી. અંતરની શાંતિના પ્રવાહમાં રાગની ભેળસેળ નથી. અનુભવના અમૃતમાં આકુળતાનું ઝેર નથી.

અતીન્દ્રિયસુખ કહો કે આત્માનો સ્વભાવ કહો, તેનો જેને પ્રેમ જાગ્યો, તે સુખ જ જેને ઉપાદેય લાગ્યું, તે જીવને જગતના બીજા કોઈ બાહ્ય વિષયો ને પાપ–પુણ્યના ભાવો રુચિકર ન લાગે; તેને તે ઉપાદેય ન સમજે. વીતરાગી મોક્ષસુખનો અભિલાષી રાગને કેમ સેવે? તે તો પરભાવોથી રહિત એવા પોતાના શુદ્ધસ્વરૂપને જ સેવે છે. –આવું સેવન તે જ સિદ્ધાન્તનું સાચું સેવન છે.

❖ હું તો એક શુદ્ધ ચિન્માત્રભાવ જ છું, અન્ય કોઈ ભાવો મારા નથી. –એવું શુદ્ધાત્માનું સેવન એટલે કે અનુભવન તે જ સિદ્ધાન્તનું સેવન છે.

❖ રાગ ને પુણ્ય મારાં, તેનાથી મને સુખ મળશે–એવું જે રાગનું સેવન છે તે સિદ્ધાન્તનું સેવન નથી, તેમાં તો સિદ્ધાન્તનો અનાદર છે.

સિદ્ધાન્તે આત્માનો પરમાર્થસ્વભાવ દેખાડયો છે; તે સ્વભાવનું સેવન તે સ્વસન્મુખ પર્યાય છે. એ જ ધર્માત્માનું આચરણ છે...એમાં જ પરમ અતીન્દ્રિયસુખનું વેદન છે.

જીવે અનાદિથી વિકારી પરભાવોનું જ સેવન કર્યું છે, તેને જ પોતાપણે અનુભવ્યા છે; તેમાં એકપણ ક્ષણ જો ભંગ પાડે તો સ્વભાવસન્મુખતા થઈ જાય. જેમ અજ્ઞાનથી નિરંતર રાગને અનુભવ્યો, તેમ હવે 'રાગાદિ તે હું નથી, શુદ્ધ ચૈતન્યભાવ જ હું છું' એમ નિરંતર શુદ્ધાત્માનું સેવન કરો, તેને જ પોતાપણે અનુભવમાં લ્યો. –આવો અનુભવ તે જ મોક્ષનું કારણ છે, તે જ મોક્ષાર્થી જીવે કરવાનું કાર્ય છે. એ સિવાય પુણ્ય કે પુણ્યફળરૂપ ભોગો, સંસાર કે શરીર–તેની અભિલાષા મોક્ષાર્થી ધર્માત્માને નથી. સ્વસંવેદન પ્રત્યક્ષ એવું જીવદ્રવ્ય હું છું, શુદ્ધજ્ઞાનપ્રકાશમય હું છું, અતીન્દ્રિયસુખ તે હું છું –આવા શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ ધર્મી કરે છે. ધર્મીના આવા કાર્ય સાથે રાગાદિ અશુભભાવો અણમળતા છે. શુદ્ધસ્વરૂપને રાગાદિ સાથે મેળ નથી–મિલન નથી–એકતા નથી,–પણ ભિન્નતા છે. જેટલા રાગાદિભાવો છે તે બધાય શુદ્ધચૈતન્યના અનુભવથી પર છે; તે પોતાના સ્વરૂપપણે નથી અનુભવાતા. માટે હે મોક્ષાર્થી જીવો! તમે આવા શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ સિદ્ધાન્તનું સેવન કરો.



# મોક્ષનું કારણ પ્રજ્ઞા

## પ્રજ્ઞા એટલે શુદ્ધાત્મસન્મુખ ઝુકેલી ભગવતી ચેતના

(સમયસાર કળશ ૧૮૧ ઉપરના પ્રવચનમાંથી)

ભગવતી પ્રજ્ઞાદ્વારા ભેદજ્ઞાન કરાવીને મોક્ષમાર્ગ ખોલનાર આ આનંદદાયક કળશ જ્યારે જ્યારે ગુરુદેવના શ્રીમુખથી સાંભળીએ છીએ ત્યારે એવી 'જ્ઞાનચેતના'ના પુરુષાર્થની તીવ્ર પ્રેરણા જાગે છે.

અનાદિથી બંધનમાં બંધાયેલા આત્માને કઈ રીતે છોડાવવો? છૂટકારાનું સાધન શું? તે રીત આ કળશમાં બતાવે છે. ભેદજ્ઞાન માટે આ અલૌકિક શ્લોક છે. આત્માને બંધનથી છૂટવાનું સાધન આત્મામાં છે, આત્માથી જાુદું બીજાું કોઈ સાધન નથી. આત્મા શું ને બંધ શું–એ બંનેના ભિન્નલક્ષણને ઓળખીને જે ચેતના આત્મસ્વભાવ તરફ ઝૂકી તે ભગવતી ચેતના જ બંધનથી છૂટવાનું (એટલે કે મોક્ષનું) સાધન છે. રાગાદિ બંધભાવો તો આત્મસ્વભાવથી જાુદા છે; તે કોઈ પણ રાગભાવ આત્માને મોક્ષનું કારણ થતું નથી. તે રાગભાવોને તો આત્માથી ભિન્ન કરવાના છે. રાગથી જાુદી એવી જે ચેતના (–કે જે આત્માનું સ્વલક્ષણ છે) તેના વડે જ બંધનથી ભિન્ન આત્મા અનુભવમાં આવે છે; આ રીતે ચેતનારૂપ ભગવતી પ્રજ્ઞા જ મોક્ષનું કારણ છે. જીવનું પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમવું, ને એવું પરિણમન થતાં કર્મનો સંબંધ છૂટી જવો તેનું નામ મોક્ષ છે. મોહ–રાગ–દ્વેષાદિ અશુદ્ધ પરિણતિરૂપે પરિણમન થવું ને કર્મનો સંબંધ થવો તેનું નામ બંધ છે. શુદ્ધપરિણમન એટલે શુદ્ધસ્વરૂપનો અનુભવ; જે જ્ઞાન વડે આવો અનુભવ થાય તે જ્ઞાન મોક્ષનું સાધન છે. આવો અનુભવ થતાં શુદ્ધપરિણમન થયું એટલે અશુદ્ધપરિણમન છૂટી ગયું ને પુદ્ગલમાં કર્મ અવસ્થા છૂટી ગઈ. –શુદ્ધજીવ પોતાના સ્વરૂપમાં રહ્યો–તે દશાનું નામ મોક્ષ છે. –'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.'

આવા મોક્ષનો ઉપાય શું? મોક્ષ તે પૂર્ણશુદ્ધપરિણમન છે, ને તેનું કારણ પણ શુદ્ધતા જ છે. અશુદ્ધતાનો કોઈ અંશ મોક્ષનું કારણ થાય નહિ. મોક્ષના સાધનનો બહુ સરસ ખુલાસો આ 'પ્રજ્ઞાછીણી' ના શ્લોકમાં કર્યો છે.

તીક્ષ્ણ પ્રજ્ઞાછીણી એટલે તીખી જ્ઞાનચેતના, ઉગ્ર જ્ઞાનચેતના; તેને નિપુણજીવો એટલે ભેદજ્ઞાનમાં અત્યંત પ્રવીણજીવો, સાવધાન થઈને આત્મા અને બંધની વચ્ચેના

સૂક્ષ્મભેદમાં એવી રીતે પાડે છે કે શીઘ્રપણે બંને અત્યંત જુદા અનુભવમાં આવે છે; જ્ઞાનચેતના અંતર્મુખ થઈને પોતાના આત્માને રાગવગરનો શુદ્ધ અનુભવે છે. આવો અનુભવ તે જ મોક્ષનું સાધન છે. જ્ઞાનની સાથે જે રાગને ભેળવે–તેને શુદ્ધતાનો અનુભવ થતો નથી, ભેદજ્ઞાન થતું નથી, મોક્ષમાર્ગ થતો નથી. શુદ્ધપરિણમન તે રાગથી સર્વથા જુદું છે. સર્વથા રાગ વગરનો શુદ્ધઅનુભવ તે જ મોક્ષસાધન છે. રાગમાં ઊભો રહીને શુદ્ધને અનુભવી શકાય નહિ.

સાધકદશા વખતે પણ જેટલા રાગાદિભાવો છે તે બધાય જ્ઞાનચેતનાથી જુદા છે, તે કોઈ જીવનું શુદ્ધપરિણમન નથી. જીવનું શુદ્ધપરિણમન તો જ્ઞાનચેતનારૂપ ને અનંતચતુષ્ટયરૂપ છે; તે રાગથી સર્વથા જુદું છે. દ્રવ્યના સ્વભાવની જાતનું પરિણમન હોય તેને જ દ્રવ્યનું શુદ્ધપરિણમન કહ્યું; રાગાદિ અશુદ્ધતાને દ્રવ્યનું શુદ્ધપરિણમન કહેતા નથી. આ રીતે જ્ઞાનપરિણમન અને રાગપરિણમનની સર્વથા ભિન્નતા છે. રાગનો એક્કેય અંશ જ્ઞાનના પરિણમનમાં નથી; ને જ્ઞાનનો એક્કેય અંશ રાગમાં નથી. રાગ તે શુદ્ધઆત્માનું પરિણમન જ નથી તો પછી તે આત્માની શુદ્ધતાનું સાધન કેમ થાય ? –ન જ થાય.

ભાઈ, તારા મોક્ષનું સાધન તારામાં છે, તેને તું ઓળખ તો ખરો? તારી શુદ્ધતાના ભાન વગર તું કોને મોક્ષનું સાધન બનાવીશ? મોક્ષનું સાધન પોતામાં છે તેને જાણ્યા વગર જીવે અજ્ઞાનભાવથી શુભરાગને મોક્ષનું સાધન માનીને અનાદિકાળથી તે બંધભાવનું જ સેવન કર્યું છે, એટલે મિથ્યાત્વને જ સેવ્યું છે. રાગથી પાર એવી નિર્વિકલ્પ અનુભૂતિ મોક્ષસાધન છે. તે નિર્વિકલ્પ અનુભૂતિ વચનમાં આવતી નથી, તે વીતરાગપરિણતિની શી વાત? અંતર્મુખ થયેલું સ્વસંવેદન જ્ઞાન આત્માને શુદ્ધતારૂપ પરિણમાવે છે, ને તે જ મોક્ષનું કારણ છે. એકલું બહારનું જાણપણું પણ મોક્ષનું કારણ નથી ત્યાં રાગની તો શી વાત? જ્ઞાન કેવું, –કે વીતરાગ પરિણતિરૂપે પરિણમેલું સ્વસંવેદનજ્ઞાન તે મોક્ષનું કારણ છે.

શુદ્ધપરિણમન તે મોક્ષમાર્ગ છે.

શુદ્ધપરિણમન તેને જ હોય છે કે જેને શુદ્ધસ્વરૂપનો અનુભવ જરૂર હોય. શુદ્ધસ્વરૂપના અનુભવ વગર જરાપણ શુદ્ધપરિણમન થાય નહિ, ને શુદ્ધપરિણમન વગર ચોથુંગુણસ્થાન પણ ન થાય. ચોથા ગુણસ્થાનથી જ શુદ્ધસ્વરૂપનો અનુભવ છે, શુદ્ધપરિણમન છે, મોક્ષમાર્ગ છે; તેને અંતરાત્મા કહ્યા છે. ચોથા ગુણસ્થાને શુદ્ધસ્વરૂપનો અનુભવ હોવાની જે ના પાડે તેને અનુભવદશાની કે ચોથાગુણસ્થાનની ખબર નથી, તેને મોક્ષમાર્ગની ખબર નથી.

ભાઈ! શુદ્ધપરિણમન વગર રાગ અને જ્ઞાનની ભિન્નતાને જાણી શકાય નહિ. રાગ અને જ્ઞાનની ભિન્નતાને યથાર્થ જાણતાં શુદ્ધપરિણમન થયા વગર રહે નહિ.

રાગ અને જ્ઞાનને ખરેખર ત્યારે જ જુદા જાણ્યા કે જ્યારે રાગથી જુદો પરિણમે ને જ્ઞાનસ્વભાવ તરફ ઝૂકે; આ રીતે ભેદજ્ઞાન થતાંવેંત શુદ્ધતારૂપ પરિણમન થાય જ છે. આવું પરિણમન થયું ત્યારે જ મોક્ષમાર્ગ શરૂ થયો.

* * *

ભગવતીચેતના કહો કે પ્રજ્ઞાછીણી કહો, તેના વડે બંધનથી જુદો શુદ્ધ આત્મા અનુભવાય છે. શુદ્ધ આત્મા ચેતનામાત્ર વસ્તુ છે. તેમાં રાગ–દ્વેષ–મોહાદિ અશુદ્ધભાવો એકમેક નથી, પણ બંને વચ્ચે સંધિ છે–સાંધો છે, લક્ષણભેદ છે. એકક્ષેત્રે હોવા છતાં બંને એકસ્વભાવે નથી, બંનેના સ્વભાવ વચ્ચે મોટો આંતરો છે. તે આંતરો લક્ષમાં લઈને પ્રજ્ઞાછીણી એવી પડે છે કે અશુદ્ધતાને એકબાજુ કરીને, શુદ્ધચેતનાવસ્તુમાં પોતે એકાગ્ર થાય છે. –આનું નામ ભેદજ્ઞાન, ને આ મોક્ષમાર્ગ.

બંધનનું સ્વરૂપ, બંધનથી છૂટવાનો ઉપાય–એ બધાના માત્ર વિચાર કર્યા કરે–વિકલ્પ કર્યા કરે તેથી કાંઈ બંધન છૂટે નહિ. બંધથી ભિન્ન એવા શુદ્ધાત્માને જાણીને તેમાં જ્ઞાનને એકાગ્ર કરતાં બંધભાવો છૂટી જાય છે. તેને માટે ઉપયોગમાં સાવધાની જોઈએ. रभसात् એટલે ઝડપથી પ્રજ્ઞાછીણી પડે છે–એમ કહીને પુરુષાર્થની તીવ્રતા બતાવી છે. આવું ભેદજ્ઞાન કરે તે જીવને નિપુણ કહ્યો છે. બાકી બહારના જાણપણામાં નિપુણતા બતાવે ને અંદરમાં રાગથી જુદા શુદ્ધાત્માનો અનુભવ કરતાં જો ન આવડે તો તેને નિપુણ કહેતા નથી, તે ઠોઠ છે, આત્માને બંધનથી છોડાવવાની વિદ્યા તેને આવડતી નથી.

ભાઈ, આત્માનો શુદ્ધસ્વભાવ, અને અશુદ્ધતારૂપ બંધ તે બંને એકમેક થયા નથી પણ વચ્ચે લક્ષણભેદરૂપ સાંધ છે, એટલે બંનેને જુદા અનુભવી શકાય છે, સૂક્ષ્મ જ્ઞાનછીણી વડે તેમને જુદા પાડી શકાય છે. આત્મા અને બંધ બંને એવા એકમેક નથી થઈ ગયા કે વચ્ચે જ્ઞાનછીણી ન પેસી શકે; બંને વચ્ચેનો ભેદ જ્ઞાનવડે જાણી શકાય છે; ભેદજ્ઞાનવડે બંનેને ભેદી શકાય છે.

જેટલા ક્ષેત્રમાં ચેતનવસ્તુ છે, તેટલા જ ક્ષેત્રમાં રાગાદિ બંધભાવો છે, છતાં બંને વચ્ચે ભાવભેદરૂપ (લક્ષણભેદરૂપ) મોટી તિરાડ છે. આ રાગનો સ્વાદ આકુળતારૂપ –દુઃખરૂપ છે, ને જ્ઞાનનો સ્વાદ તો શાંત–સુખરૂપ છે, એમ વિવેકદ્વારા બંનેના સ્વાદની ભિન્નતા જણાય છે; તીખી પ્રજ્ઞાદ્વારા તે બંનેને અત્યંત ભિન્ન જાણીને તે પ્રજ્ઞા શુદ્ધસ્વરૂપમાં પેસીને તેને અનુભવમાં લ્યે છે, ને રાગાદિને જુદા કરી નાંખે છે.

તીખી પ્રજ્ઞા–તીખું જ્ઞાન, એટલે રાગથી ઘેરાય નહિ એવી ચેતના; તે અંતરના ચૈતન્યસ્વભાવમાં પ્રવેશી જાય છે; અત્યંત સાવધાની વડે–ઉપયોગની જાગૃતિ વડે અંદરની સૂક્ષ્મસાંધને ભેદીને એકકોર જ્ઞાનસ્વરૂપ આત્મા, ને બીજીકોર અજ્ઞાનરૂપ એવા બંધભાવો, તેમને સર્વથા જુદા કરી નાંખે છે. બંધભાવના કોઈ અંશને જ્ઞાનમાં રહેવા દેતી નથી,

ને જ્ઞાનના કોઈ અંશને બંધભાવમાં ભેળવતી નથી. આવી ભગવતી જ્ઞાનચેતના તે મોક્ષનું સાધન છે.

જોકે રાગાદિ અશુદ્ધભાવો જીવની પર્યાયમાં પરિણમે છે–જ્યાં જીવ છે ત્યાં જ રાગાદિ છે, તેથી તેમનાથી ભિન્ન એવા શુદ્ધજીવનો અનુભવ સામાન્ય જીવોને કઠણ છે –ઘણો સૂક્ષ્મ છે, તોપણ નિપુણ પુરુષો અંતરની સૂક્ષ્મ જ્ઞાનચેતનાવડે સ્વભાવ અને વિભાવ વચ્ચેનો ભેદ જાણીને તેમની ભિન્નતાનો અનુભવ કરે છે; કેમકે બંને વચ્ચે લક્ષણભેદની તીરાડ છે. સ્થૂળજ્ઞાનથી અજ્ઞાનીને તે તીરાડ નથી દેખાતી પણ જ્ઞાનની અંતર એકાગ્રતાવડે તે બંને વચ્ચેની સાંધ જાણીને, જ્ઞાન પોતાના સ્વભાવમાં એકાગ્ર થાય છે. એકાગ્ર થતાં જ બંને સ્પષ્ટ ભિન્ન જુદા અનુભવમાં આવે છે; જ્ઞાનનો અનુભવ થયો તે અનુભવમાં રાગની સર્વથા નાસ્તિ છે. પ્રથમ આવી ભિન્નતા અનુભવતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે; પછી સકળ રાગાદિનો તથા કર્મનો ક્ષય થવાથી બંધને સર્વથા છેદીને સાક્ષાત્ મોક્ષદશા પ્રગટ થાય છે. આ રીતે પ્રજ્ઞા છીણીવડે બંધનને છેદીને આત્મા મુક્ત થાય છે. માટે પ્રજ્ઞારૂપ જ્ઞાનચેતના તે મોક્ષનો પંથ છે.

અંતરમાં જ્ઞાન અને રાગ વચ્ચેની સાંધ પકડવી તે માટે ઉપયોગમાં ઘણી સૂક્ષ્મતા જોઈએ. ઈન્દ્રિયો ને મન બંનેથી છૂટીને અતીન્દ્રિય ઉપયોગ વડે રાગથી જુદો આત્મા અનુભવાય છે. આમાં અંતર્મુખ ઉપયોગનો ઘણો પ્રયત્ન છે. દેહ–મન–વાણી તથા જડકર્મ–તે તો જીવથી એકક્ષેત્રે હોવા છતાં ભિન્ન પ્રદેશવાળા છે, રૂપી છે, જડ છે, તે નવા આવે છે ને જાય છે–એટલે તે તો જીવથી ભિન્ન છે–એવી પ્રતીતિ વિચાર વડે ઊપજે છે. પણ અંદરમાં જીવની પર્યાય સાથે એક પ્રદેશે રહેલા જે રાગાદિભાવો, તેમનાથી ભિન્ન શુદ્ધજીવનો અનુભવ કઠણ છે, –કઠણ હોવા છતાં સૂક્ષ્મ પ્રજ્ઞા વડે તેમની વચ્ચેના સ્વભાવ ભેદને જાણીને ભિન્નતાનો અનુભવ થઈ શકે છે. કઠણ છે–પણ અશકય નથી, થઈ શકે તેવું છે. ને આવી ભિન્નતાનો અનુભવ કરાવનારી ભગવતી પ્રજ્ઞા તે જ મોક્ષસાધન છે. અનંતા જીવો એવો અનુભવ કરીને મોક્ષ પામ્યા છે.

પ્રજ્ઞાછીણી વડે વિચાર કરતાં અંતરમાં એમ પ્રતીત થાય છે કે રાગ જુદો ને હું જુદો; રાગ વગરનો આત્મલાભ સંભવે છે; રાગના અભાવમાં આત્માનો અભાવ થઈ જતો નથી, રાગના અભાવે પણ આત્મા પોતાના ચેતનસ્વરૂપે જીવે છે. માટે ચેતનાસ્વરૂપ જ જીવ છે, રાગસ્વરૂપ નથી.–આવું અંદરનું ભેદજ્ઞાન અત્યંત કઠણ હોવા છતાં અંદરના તીવ્ર પ્રયત્નવડે થઇ શકે છે. રાગના કાળે જ તેનાથી ભિન્ન શુદ્ધજીવનો અનુભવ જ્ઞાનચેતના વડે જરૂર થાય છે. જ્ઞાનચેતના અતિ સૂક્ષ્મ છે, ચક્રવર્તીની તલવારની તીખી ધારની જેમ એક ઝાટકે તે પ્રજ્ઞાછીણી જ્ઞાન અને રાગના બે કટકા કરી નાંખે છે. આવું ભેદજ્ઞાન કરતાં પ્રજ્ઞાછીણીને કેટલી વાર લાગે ? –તો કહે છે કે

તત્ક્ષણ એક સમયમાં તે આત્મા અને બંધને જુદા કરી નાંખે છે. ચેતના જ્યાં અંતરમાં એકાગ્ર થઈ કે તે જ સમયે તે બંધભાવોથી જુદા શુદ્ધઆત્માને અનુભવે છે. આવું ભેદજ્ઞાન નિપુણ પુરુષો કરે છે; નિપુણ પુરુષો એટલે આત્માનુભવમાં પ્રવીણ જીવો; –પછી તે પુરુષ હો કે સ્ત્રી હો, સ્વર્ગનો દેવ હો કે નરકનો નારકી હો; આત્માનો અનુભવ કરવામાં પ્રવીણ છે તે જીવો નિપુણ છે, મોક્ષને સાધવાની કળા તેને આવડે છે...એને સંસારનો કિનારો નજીક આવી ગયો છે. આવા ભેદજ્ઞાનનિપુણ જીવો પ્રજ્ઞાછીણી વડે બંધથી ભિન્ન શુદ્ધ આત્માને સાધે છે. આવું ભેદજ્ઞાન જીવને આનંદ ઉપજાવે છે. ભેદજ્ઞાન થતાંવેંત જ આનંદરૂપ શુદ્ધઆત્મા અનુભવમાં આવે છે, ને બંધભાવો શુદ્ધસ્વરૂપથી બહાર જુદા રહી જાય છે. આ મોક્ષમાર્ગ છે.

વાહ! સન્તો આવું ભેદજ્ઞાન કરાવીને કહે છે કે ભાઈ! તું અંતરમાં આવું ભેદજ્ઞાન કર. આ ભેદજ્ઞાન તને મહા આનંદ ઉપજાવશે ને મોક્ષ પમાડશે. ભેદજ્ઞાન માટેનો આ અવસર છે. અનાદિના બંધનથી છૂટીને સુખી થવા માટેનો આ વખત છે. તું આ વખતને ચૂકીશ મા.

* * *

ગુરુદેવ પરમ વાત્સલ્યભરી પ્રેરણાથી કહે છે કે હે ભાઈ! અત્યારે આત્મજ્ઞાન માટેનો આ અવસર છે....તું આ વાત લક્ષમાં તો લે. માંડ આવા ટાણાં મળ્યા છે...તેમાં કરવાનું તો એક આ જ છે. અંદરમાં જરા ધીરો થઈ, બહારના કાર્યોનો રસ છોડી, વિચાર કરે તો તને જણાશે કે આત્માનો સ્વભાવ અને રાગ બંને એક થઈને રહેવા યોગ્ય નથી પણ જુદા પડવા યોગ્ય છે. બંનેનો સ્વભાવ જુદો છે તેથી જુદા પડી જાય છે. ભાઈ! સમય–સમય કરતાં કાળ તો ચાલ્યો જ જાય છે; તેમાં જો તું તારા સ્વભાવ–સન્મુખ ન થયો તો તેં શું કર્યું ? જે કરવા જેવું કાર્ય છે તે તો આ જ છે. ગમે તેટલા પ્રયત્ન વડે પણ વિકારથી ભિન્ન ચેતનનો અનુભવ કરવો–તે જ કરવાનું છે.

તારી ચેતના રાગને ચેતવામાં (અનુભવવામાં) રોકાય છે તેને બદલે ચેતના અંદરમાં વળી શુદ્ધઆત્માને ચેતે–અનુભવે કે તરત જ આત્મા અને બંધની ભિન્નતાનો અનુભવ થાય છે. –એક સમયમાં જ આવો ઉપયોગપલટો થઈ જાય છે.

દુનિયાના જીવો દુનિયાના બાહ્યકાર્યોમાં પોતપોતાનું ડહાપણ ને પ્રવીણતા દેખાડે છે....તો હે ભાઈ! તું તારા આત્માના અનુભવમાં પ્રવીણ થા....તેમાં ઉદ્યમી થા, તારી ચેતનાને રાગથી જુદી કરીને શુદ્ધ સ્વરૂપમાં પેસાડ...તે ક્ષણે જ તને પરમ આનંદ થશે. ભેદજ્ઞાનમાં નિપુણ જીવો આનંદસહિત પોતાના શુદ્ધઆત્માને અનુભવે છે. –આવો અનુભવ તે મોક્ષમાર્ગ છે, તે કરવા જેવું કામ છે.

અહા! સાવધાન થઈને આત્માના વિચારનો ઉદ્યમ કરે તેમાં તો ઊંઘ ઊડી જાય તેવું છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે તે તો આત્મા અને બંધની ભિન્નતાના

વિચારમાં જાગૃત છે, –ઉત્સાહી છે, તેમાં પ્રમાદી થતા નથી. મારે મારું હિત સાધવું છે, મારે મારો આત્મા પ્રાપ્ત કરવો છે, મારે મારા આત્માને ભવબંધનથી છોડાવવો છે–એમ અત્યંત સાવધાન થઈને, મહાન ઉદ્યમપૂર્વક હે જીવ! તું તારા આત્માને બંધનથી જુદો અનુભવમાં લે....અનાદિની ઊંઘ ઊડાડીને જાગૃત થા.

આત્માના અનુભવ માટે સાવધાન થાજે....શૂરવીર થાજે....જગતની પ્રતિકૂળતા દેખીને કાયર થઈશ નહિ...પ્રતિકૂળતા સામે ન જોઈશ, શુદ્ધઆત્માના આનંદ સામે જોજે. શૂરવીર થઇને– ઉદ્યમી થઇને આનંદનો અનુભવ કરજે. ‘હરિનો મારગ છે શૂરાનો’...તે પ્રતિકૂળતામાં કે પુણ્યની મીઠાશમાં કયાંય અટકતા નથી; એને એક પોતાના આત્માર્થનું જ કામ છે. તે ભેદજ્ઞાનવડે આત્માને બંધનથી સર્વથા પ્રકારે જુદો અનુભવે છે. આવો અનુભવ કરવાનો આ અવસર છે –ભાઈ! તેમાં શાંતિથી તારી ચેતનાને અંતરમાં એકાગ્ર કરીને ત્રિકાળી ચૈતન્યપ્રવાહરૂપ આત્મામાં મગ્ન કર....ને રાગાદિ સમસ્ત બંધભાવોને ચેતનથી જુદા અજ્ઞાનરૂપ જાણ. આમ સર્વથા પ્રકારે ભેદજ્ઞાન કરીને તારા એકરૂપ શુદ્ધઆત્માને સાધ. મોક્ષને સાધવાનો આ અવસર છે.

અહો, વીતરાગના મારગડા....જગતથી જુદા છે. જગતના ભાગ્ય છે કે સંતોએ આવો મારગ પ્રસિદ્ધ કર્યો છે. આવો મારગ પામીને હે જીવ! ભેદજ્ઞાન વડે શુદ્ધઆત્માને અનુભવમાં લઇને તું મોક્ષપંથે આવ.

**શું દોષ મુજમાં છે અરે....સાંભળું છતાં સમજું નહિ?**
**વાંચું સદા સદ્ગ્રંથ....સ્વાનુભૂતિ કાં થાય નહિ?**
**સ્વ-પર ભિન્ન કહું છતાં ઉપયોગ સ્વમાં આવે નહિ,**
**જીવન પળો ખૂટી રહી, કયમ કામ પૂરું થાય નહિ?**

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

( સર્વે જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ )

**પ્રશ્નઃ-** આત્મા અરૂપી છે, તો તે કઈ રીતે દેખાય ? ( પ્રેમકુમાર જૈન, નં ૩૧૯ )

**ઉત્તરઃ-** અતીન્દ્રિયજ્ઞાનમાં અરૂપીને પણ જાણવાની તાકાત છે. અરૂપી વસ્તુ આંખથી ન જણાય, પરન્તુ અતીન્દ્રિયજ્ઞાનથી તો જરૂર તેને જાણી શકાય.

- સ. નં.૧૦૬ ( મુંબઈ ) : શ્રદ્ધા અને દર્શનઉપયોગ વચ્ચેના ભેદ સંબંધી પ્રશ્ન કોઇ જાણકાર સાથે રૂબરૂ ચર્ચવાથી સમજાશે. આ વિભાગને માટે એ ચર્ચા સૂક્ષ્મ પડે.

- સ. નં.૨૪૬ ( ગોંડલ ) ભૂતકાળ કરતાં ભવિષ્યકાળની પર્યાયો અનંત ગુણી છે. તે બાબત તમે પૂછયું; તે સંબંધી સૂક્ષ્મ ચર્ચા વિસ્તારથી તો અહીં નહીં ચર્ચીએ, પણ ટૂંકામાં સિદ્ધાંતની એક ગણતરી આપીએ છીએ–

  - જીવની સંખ્યા– ભૂતકાળનાં સમયો કરતાં અનંતગણી.

  - જીવની સંખ્યા– ભવિષ્યકાળના સમયો કરતાં અનંતમાં ભાગે.

  આ ઉપરથી, જો તમે ગણીતમાં પ્રવીણ હશો તો તરત ખ્યાલમાં આવી જશે કે ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંત ગણો છે; એટલે ભૂતકાળ કરતાં ભવિષ્યકાળની અનંતગણી પર્યાય થવાનું સામર્થ્ય વસ્તુમાં છે.

**પ્રશ્નઃ-** મહાવીર ભગવાને લગ્ન કર્યા હતા કે નહીં ? ( હસમુખ જૈન, જામનગર )

**ઉત્તરઃ-** ના.

**પ્રશ્નઃ-** અનંતવાર આપણે મનુષ્ય–અવતાર પામ્યા ત્યારે સત્પુરુષ અને સદુપદેશ મળ્યા હશે કે નહીં ?

**ઉત્તરઃ-** ભાઈ, જગતમાં તો સત્પુરુષ સદાય છે, પણ જ્યારે પોતે તેમને ઓળખે અને તેમના ઉપદેશને સમજીને આત્મજ્ઞાન કરે, ત્યારે પોતાને સત્પુરુષ અને સદ્દુપદેશ મળ્યા કહેવાય. જેમ ઉત્તમ ભોજન તો સામે પડયું હોય પણ પોતે ખાય નહીં તો ભૂખ મટે નહિ; પોતે ખાય તો ભોજન મળ્યું કહેવાય, તેમ સત્પુરુષને પોતે

ન ઓળખે તો પોતાને લાભ થાય નહિ. પોતે ઓળખીને લાભ લ્યે તો ખરેખર સત્પુરુષ મળ્યા કહેવાય.

**પ્રશ્નઃ-** આપણે સૂતી વખતે વીતરાગદેવનું ( પંચ પરમેષ્ઠીનું ) નામ શા માટે લઇએ છીએ ?

**ઉત્તરઃ-** કેમકે પોતાને તેમના જેવા થવું છે, વીતરાગ થવાની પોતાની ભાવના છે એટલે સૂતાં ઊંઘમાં પણ એ જ ભાવનાનું રટણ રહ્યા કરે, તેથી ણ મોકકાર મંત્ર બોલીને સૂતાં ને ઊઠતાં પંચ પરમેષ્ઠીને યાદ કરીએ છીએ. બંધુઓ, સૂતાં ને ઊઠતાં પંચ પરમેષ્ઠી ભગવાનને યાદ કરવાની ટેવ પાડજો.

- રાજકોટથી નવા સભ્યો લખે છે – ''આત્મધર્મનો બાલવિભાગ દર મહિને ઘણા રસપૂર્વક વાંચીએ છીએ, અને જીવ તથા શરીરની ભિન્નતા વિષે વધુ ને વધુ જ્ઞાન મેળવવા ઉત્સુક છીએ. આત્મધર્મના સંપાદકીય લેખમાં, જૈન પાઠશાળા શરૂ કરવા માટે આપનો વિચાર ઘણો જ આવકારદાયક છે, અને આ અંગે અત્રેના વડીલોનું અમે ધ્યાન દોરેલ છે. જૈનપાઠશાળા ખરેખર અમારા જેવા અલ્પજ્ઞ બાળકોમાં ધર્મસંસ્કારોનું સીંચન કરશે અને જ્ઞાન ખીલવશે. બાલવિભાગદ્વારા નાનપણથી બાળકોમાં આત્મજ્ઞાનની લગની લગાડવા બદલ અભિનંદન !
–પ્રકાશચંદ્ર તથા ધીરીશકુમાર.

**પ્રશ્નઃ-** કેવા પાપ કરવાથી જીવને નરકમાં જવું પડે ? ને જીવને સંસારમાં કેમ રખડવું પડે છે ? ( પંકજ જૈન, નં.૧૮૦ )

**ઉત્તરઃ-** ભાઈશ્રી, આત્માનું અજ્ઞાન એ જ સૌથી મોટી ભૂલ છે, ને તેને લીધે જીવ સંસારની ચારે ગતિમાં રખડે છે. નરકમાં જવું પડે એવા પાપ અજ્ઞાનીને જ બંધાય છે. માટે નરકની ખરી બીક હોય તો અજ્ઞાન છોડીને આત્મજ્ઞાન કરવું જોઈએ.

કેવા પાપ કરવાથી નરકમાં જવું પડે–એમ તમે પૂછ્યું, એના કરતાં તમે એમ કેમ ન પૂછ્યું કે 'શું કરવાથી મોક્ષમાં જવાય ? ' –જો તમે એમ પૂછ્યું હોત તો તેનો ઉત્તર એમ મળત કે 'સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની ઉપાસના કરવાથી મોક્ષ પમાય છે.

**પ્રશ્નઃ-** નિગોદના દુઃખોના વર્ણનમાં કહ્યું છે કે એક શ્વાસોશ્વાસમાં ૧૮ વાર જન્મમરણ કરે છે : તો જન્મ–મરણ કરે તેમાં દુઃખ શું ? ( સ. ન.૧૮૦ )

**ઉત્તરઃ-** ભાઈ, એક શ્વાસોશ્વાસમાં ૧૮ વખત જન્મમરણ થાય એવો સંયોગ તો એવા જીવને જ હોય છે કે જેને અંદર તીવ્ર મોહ હોય...એ તીવ્ર મોહનું જ તેને તીવ્ર દુઃખ છે, ને એ દુઃખ સમજાવવા સંયોગથી કથન કરવામાં આવ્યું છે-કેમકે સામાન્ય જીવોને એ રીતે જ દુઃખનો ખ્યાલ આવે છે. બાકી તો સિદ્ધોનું સુખ જેમ ઈન્દ્રિયગમ્ય નથી, તેમ એકેન્દ્રિય જીવોનું મહાદુઃખ પણ ઈન્દ્રિયગમ્ય નથી.

ભાવમરણની તીવ્રતા હોય ત્યાં જ દ્રવ્યમરણની એવી તીવ્રતા ( ૧૮ વાર જન્મમરણ ) હોય છે; જેને ભાવમરણ નથી એવા નિર્મોહી જીવોને દ્રવ્યમરણ પણ હોતું નથી. મોક્ષ થાય તેને મરણ નથી કહેવાતું. એટલે જન્મ-મરણ વગેરેનાં જે તીવ્ર દુઃખો વર્ણવ્યા છે ત્યાં તેની સાથેના તીવ્ર ભાવમરણનું જ એ દુઃખ છે. -એમ સમજવું.

**પ્રશ્નઃ-** કયા ભગવાન કૈલાસગિરી પરથી મોક્ષ પામ્યા ? ( હસમુખ જૈન, પ્રાંતીજ )

**ઉત્તરઃ-** ઋષભદેવ ભગવાન. ( નમો ઋષભ કૈલાસ પહાડં )

**પ્રશ્નઃ-** ( ૧ ) ભરત અને ઐરવતક્ષેત્રમાં ૨૪-૨૪ તીર્થંકરો છે ને વિદેહમાં ૨૦ તીર્થંકરો છે-એનું શું કારણ ? ( અકલંક જૈન, નં ૪૪૪, સાબલી )

**ઉત્તરઃ-** ભાઈશ્રી, આપણા ભરતમાં કે ઐરવત ક્ષેત્રમાં જ્યારે ૨૪ તીર્થંકરો થાય છે એટલા વખતમાં વિદેહક્ષેત્રમાં તો વીસ નહિ પરંતુ અસંખ્યાતા તીર્થંકરો થાય છે. અહીં ઋષભદેવથી માંડીને મહાવીર તીર્થંકર થયા તેની વચ્ચેના કાળમાં વિદેહમાં અસંખ્યાતા સીમંધર ભગવંતો થઈ ગયા. વિદેહમાં જે વીસ તીર્થંકરો કહેવામાં આવે છે તે તો 'શાશ્વત' એટલે કે એટલા તીર્થંકર ભગવંતો તો પાંચ વિદેહમાં સદાય હોય જ. તેમાં વચ્ચે ભંગ ન પડે. જેમ ભરતક્ષેત્રમાં તો અત્યારે તીર્થંકર નથી, પણ વિદેહમાં તીર્થંકર ન હોય એવું કદી ન બને. કોઈવાર પાંચવિદેહમાં એક સાથે ૧૬૦ તીર્થંકરો પણ વર્તતા હોય છે. આ બાબતનો અભ્યાસ કરશો તો વિશેષ ઘણું જાણવાનું મળશે.

**પ્રશ્નઃ-** ( ૨ ) વીસ તીર્થંકર ભગવંતોના ચિહ્ન શું છે ?

**ઉત્તરઃ-** ભરતક્ષેત્રના પહેલા તીર્થંકર ઋષભદેવનું જે ચિહ્ન, તે જ વિદેહના પહેલા તીર્થંકર સીમંધરનાથનું ચિહ્ન, ત્યારપછી અનુક્રમે ચિહ્ન આ પ્રમાણે છે- ( ૨ ) હાથી

(૩) મૃગ (૪) મર્કટ (૫) સૂર્ય (૬) ચંદ્ર (૭) સિંહ (૮) ગજ (૯) સૂર્ય (૧૦) ચંદ્ર (૧૧) શંખ (૧૨) વૃષભ (૧૩) પદ્મ (૧૪) ચંદ્ર (૧૫) સૂર્ય (૧૬) વૃષભ (૧૭) હરણ (૧૮) ચંદ્ર (૧૯) સ્વસ્તિક (૨૦) પદ્મ.

(જુઓ, જિનેન્દ્રસ્તવનમંજરી પાનું : ૮૬ થી ૯૩, ત્રીજી આવૃત્તિ)

(આ લક્ષણોમાં એટલી વિશેષતા છે કે ચંદ્ર લક્ષણ ચાર ભગવંતોનું છે, એ જ રીતે સૂર્ય ત્રણ ભગવંતોનું લક્ષણ છે, વૃષભ પણ ત્રણ ભગવંતોનું લાંછન છે; પદ્મ અને હાથી એ બે ભગવંતોનું લક્ષણ છે. આમાં ૧૭મા ભગવાનનું ચિહ્ન સ્પષ્ટ નથી સમજાતું પણ લગભગ હરણ હોય તેવું લાગે છે; એટલે તે પણ બે ભગવંતોનું ચિહ્ન થયું. –આમ એકંદર માત્ર દશ પ્રકારનાં ચિહ્નોમાં વીસે ભગવંતોનું લાંછન આવી જાય છે.)

**પ્રશ્નઃ-** (૩) રાગ–દ્વેષ જીવની પર્યાય છે કે પુદ્ગલની?

**ઉત્તરઃ-** જીવની.

- B.Sc. ઉપરાંત LL.B. નો અભ્યાસ કરતાં એક નવા સભ્ય આંબાનું ઝાડ (સભ્ય- પત્રકમાં) દેખીને આનંદથી લખે છે કે–કાર્ડ જોઈને ઘણો આનંદ થયો; કારણ આ વર્ષે આંબા તો મોંઘા હતા પરંતુ બાલવિભાગનું આંબાનું ઝાડ ઘરે બેઠા આવ્યું; અને તે આંબા (સમ્યગ્દર્શનાદિ) બારે માસ ફળે ને બારે માસ ખવાય, તેમાં સીઝન જોવાનું રહેતું નથી. આવા આંબા ખાવા માટે જરૂર પુરુષાર્થ કરશું.

પ્રફૂલ્લ જૈન, મુંબઈ.

## આત્માની ઊર્ધ્વતા

અદ્ભુત જ્ઞાનવૈભવવાળો આત્મા ત્રિલોકનો સાર છે, બધા પદાર્થોમાં આત્માની ઊર્ધ્વતા છે, કેમકે આત્મા ન હોય તો જગતને જાણે કોણ? જગત છે–એમ તેના અસ્તિત્વનો નિર્ણય આત્માના અસ્તિત્વમાં જ થાય છે. જગતનો જાણનાર એવો જે જ્ઞાનસ્વરૂપ આત્મા, તેના અસ્તિત્વના સ્વીકાર વગર જગતના કોઈ પદાર્થના અસ્તિત્વનો નિર્ણય થઈ શકે નહીં. માટે બધા પદાર્થોમાં આત્માની ઊર્ધ્વતા છે.

# મોક્ષમાર્ગ એટલે અતીન્દ્રિય સુખનો અનુભવ

## ( ધર્માત્માની મોક્ષસાધનાનું ઉત્તમ વર્ણન )

## ( સમયસાર-કલશ : ૧૯૦-૧૯૧ )

નિર્વિકલ્પ જ્ઞાન–આનંદસ્વરૂપ આત્મા તેના અનુભવરૂપ શુદ્ધપરિણતિ તે જ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દ્રષ્ટિ જીવો અશુભ અને શુભ બંનેથી પાર થઈને અતીન્દ્રિયસુખના અનુભવસહિત મોક્ષમાર્ગને સાધે છે. મોક્ષમાર્ગમાં શુદ્ધસ્વભાવના અનુભવનો જ ઉદ્યમ છે. રાગમાં રોકાય તેટલો પ્રમાદ છે, તે તો ભાર છે–બોજો છે. સર્વ રાગના ભારથી હળવો થઈને અતીન્દ્રિયસુખરૂપ અમૃતના પ્રવાહમાં મગ્ન થાય છે તે જીવ મોક્ષનો ઉદ્યમી છે. અરે, અશુભ તો છોડયા, પણ શુભરાગમાં રોકાય તો મોક્ષ કેમ સધાય ?

જે ચૈતન્યના અનુભવનું કાર્ય છોડીને આખો દિ' બીજા કાર્યોના વિકલ્પો કર્યા કરે છે તે આળસુ છે, પ્રમાદી છે, અનુભવને માટે તે ઉદ્યમી નથી પણ શિથિલ છે. ધર્માત્મા તો બાહ્ય કાર્યોથી વિમુખ થઇને શુદ્ધચૈતન્યના અતીન્દ્રિયસુખના અનુભવમાં મગ્ન થયા છે, ને એવા સ્વભાવના ઉદ્યમવડે તે મોક્ષને સાધે છે. મોક્ષની સાધના તો અતીન્દ્રિયસુખના અનુભવવાળી છે, વિકલ્પ વડે તે સાધના થતી નથી. ખૂબ શુભવિકલ્પો કર્યા કરવાથી મોક્ષમાર્ગ થઈ જાય–એમ બનતું નથી. અહીં તો કહે છે કે શુભરાગમાં પડયો રહે તો તું પ્રમાદી છો...તે પ્રમાદ છોડીને મોક્ષમાર્ગમાં ઉદ્યમી થા, એટલે કે શુદ્ધચૈતન્યના સુખને અનુભવવામાં મગ્ન થા. શુદ્ધોપયોગ– પરિણતિવડે જ મુક્તિ થાય છે.

વીતરાગસ્વરૂપ આત્મા પોતાના વીતરાગભાવરૂપ કાર્યને ન કરે તો તે પ્રમાદી છે; શુભરાગ તે પણ પ્રમાદનો પ્રકાર છે, તે અશુદ્ધતા છે, આળસ છે. શુદ્ધઉપયોગ તે જ આત્માની જાગૃતી છે, તેમાં જ આનંદ છે. રાગ તો પરાશ્રિતભાવ છે, તેમાં આકુળતા છે. મોક્ષમાર્ગ તો આત્મ–આશ્રિત શુદ્ધ પરિણામ છે. શુભરાગ તો મોહપરિણામ છે, ને મોક્ષમાર્ગરૂપ ધર્મ તે તો નિર્મોહપરિણામ છે. મોહ–રાગ–દ્વેષરહિત શુદ્ધ પરિણામને જ ભગવાને જિનશાસન કહ્યું છે, તેને જ જૈન ધર્મ કહ્યો છે; રાગને જિનશાસનમાં ધર્મ નથી કહ્યો, તેને તો મોહ કહ્યો છે.

અરે, આવા શુદ્ધપરિણામરૂપ ધર્મને જાણે પણ નહિ ને આળસુ થઈને રાગમાં જ પડયા રહે તેને મોક્ષમાર્ગ કયાંથી સધાય ? રાગ તો અશુદ્ધતા છે તેમાંથી શુદ્ધતા કેમ આવશે ? રાગને અનુભવનારો જીવ અશુદ્ધ છે, શુદ્ધચૈતન્યને અનુભવનારો

જીવ શુદ્ધ છે. આવા શુદ્ધમાર્ગનો એવો દ્રઢ નિર્ણય કરવો જોઈએ કે કોઈથી ડગે નહિ. નિઃશંક નિર્ણયના જોરે માર્ગ સધાય છે. આ જ પ્રકારના માર્ગથી ધર્મી જીવો મોક્ષને સાધે છે. શુદ્ધોપયોગવડે જ્યાં સ્વરૂપમાં મગ્ન થાય છે કે તત્કાળ તે મોક્ષસુખને અનુભવે છે.

રાગરૂપી પ્રમાદમાં તો કષાયના ભારથી ભારેપણું છે–બોજો છે, ને શુદ્ધસ્વરૂપનો અનુભવ તો ચેતનારસથી ભરેલો છે, આનંદરસથી નિર્ભર છે. ભાર તો બંનેમાં છે –એકમાં કષાયનો ભાર છે, બીજામાં શાંતિનો ભાર છે. રાગી પ્રાણીને રાગની વાતમાં રસ આવે છે, ધર્માત્માને આત્માના અનુભવની ચર્ચામાં રસ આવે છે. અરે, જે ચૈતન્યના અનુભવની વાર્તામાં પણ આવો આનંદ, તે ચૈતન્યના સાક્ષાત્ અનુભવના આનંદની તો શી વાત ! આવા આનંદને અનુભવતાં–અનુભવતાં ધર્માત્મા મોક્ષમાં ચાલ્યા જાય છે.

* * *

મોક્ષમાર્ગ એટલે નિરપરાધ નિર્દોષ ભાવ, તેમાં રાગ–દ્વેષ–મોહનો અભાવ છે. જેટલા રાગ–દ્વેષ–મોહભાવ સ્થૂલ કે સૂક્ષ્મ, અશુભ કે શુભ, તે બધાય અપરાધ છે, તેમનાથી રહિત મોક્ષમાર્ગ છે. જે અપરાધ હોય તે મોક્ષનું કારણ કેમ થાય? –તે તો બંધનું જ કારણ છે. શુભરાગ સમ્યગ્દ્રષ્ટિનો હોય તોપણ તે કાંઈ મોક્ષનું કારણ નથી. મોક્ષ પૂર્ણ અતીન્દ્રિય સુખરૂપ છે ને તેનો ઉપાય પણ અતીન્દ્રિય સુખમય છે. શુદ્ધપરિણતિવડે જે શુદ્ધચિદ્રૂપનો અનુભવ તે મોક્ષમાર્ગ છે. રાગના સહારે તે અનુભવ થતો નથી, શુદ્ધતાના સહારે જ તે અનુભવ થાય છે. તે અનુભવમાં અતીન્દ્રિય સુખનું પૂર વહે છે, તેમાં ધર્મી મગ્ન છે.

અનુભવદશાવડે ધર્મીને શુદ્ધ ચેતના અને સુખનો પ્રવાહ વહે છે; તેના વડે સકળ કર્મોનો ક્ષય કરીને તે પૂર્ણ અતીન્દ્રિયસુખરૂપ મોક્ષને પામે છે. મોક્ષનું કારણ મોક્ષની જાતનું જ હોય છે, એનાથી વિરુદ્ધ નથી હોતું. કારણ ને કાર્ય એક જાતના હોય, વિરુદ્ધ ન હોય. પૂર્ણ સુખરૂપ મોક્ષનું કારણ સમ્યગ્દર્શન તે પણ સુખના પ્રવાહથી ભરેલું છે. ચોથા ગુણસ્થાનનું સમ્યગ્દર્શન પણ અતીન્દ્રિય સુખથી સહિત છે. સુખના અનુભવ વગરનું સમ્યગ્દર્શન હોઈ જ ન શકે.

મોક્ષ અને મોક્ષનો માર્ગ સ્વદ્રવ્યને આશ્રિત છે. પર દ્રવ્યના આશ્રયે અશુદ્ધતા થાય છે, સ્વદ્રવ્યના આશ્રયે શુદ્ધતા થાય છે. જ્ઞાનમાત્ર ભાવ જ હું છું એવી પ્રતીતમાં રાગના અંશનેય ધર્મીજીવ ભેળવતા નથી. ચોથા ગુણસ્થાનથી સર્વજ્ઞનો માર્ગ શરૂ થાય છે; ત્યાંથી જ શુદ્ધ ચૈતન્યના અમૃતનો પ્રવાહ શરૂ થાય છે, આનંદનું પૂર વહે છે. આવો અનુભવ તે મોક્ષમાર્ગ છે.

*

# અવલોકન

- વૈશાખમાસની ઈનામી યોજનામાં
- કોને લખ્યું ને શું લખ્યું
- તેનું અવલોકન અહીં આપીએ છીએ.

( ગતાંકથી ચાલુ )

- જામનગરથી જયેન્દ્ર, હરીશ, મહેશ અને ગીરીશ ( નં. ૧૦૦૮, ૧૪૧૦–૧૧–૧૨ ) એ ચારે સભ્યોએ મોકલેલા સંયુક્ત લખાણમાં ધર્મના આંક તથા કક્કો ( અધૂરા ), કોયડા તથા બાલવિભાગથી લાભ–એનું લખાણ મોકલેલ છે; ઉપરાંત અવિનાશી આતમરામનું એક સાદું છતાં ભાવવાહી ચિત્ર મોકલ્યું છે. ( દરેક બાળક પોતાનું લખાણ પોતાના હાથે જ લખીને મોકલે એ ખાસ ( ઈચ્છનીય છે. )

  ( સ.નં.૧૦૦૮ લખે છે કે – ) ''બાલવિભાગ–નામ વાંચતા એમ લાગે કે નાના બાળકો માટે જ એ હશે. હા, બાળકો માટે ખરું, પણ એના વાંચનથી નાના–મોટા સૌને લાભ થાય છે. જીવનનું અંતિમ ધ્યેય શું ?–મોક્ષ; તે માટે શું કરવું જોઈએ ? –આત્માની સાચી સમજણ. સાધ્ય સિદ્ધ કરવા માટેનું સાધન મળતાં કોને આનંદ ન થાય ! બાળવિભાગ નાનપણથી જ બાળકોમાં ધાર્મિક સંસ્કાર પાડે છે અને બાળકોને રસ પડે તેવા ધાર્મિક પુસ્તકો ભેટ આપીને તેમનો ઉત્સાહ વધારે છે. 'કૂમળી ડાળીઓ વાળીએ તેમ વળે' તે રીતે બાળકોને જો શરૂઆતથી જ ધર્મસંસ્કાર તરફ વાળવામાં આવે તો ભવિષ્યમાં ધર્મને તે કદી ભૂલશે નહીં. ધર્મ વગર ભવ નકામો ચાલ્યો ન જાય–તે માટે નાનપણથી જ બાળકોમાં ધર્મ પ્રત્યેનો પ્રેમ અને ઉત્સાહ જગાડનાર આત્મધર્મ તેના બાલવિભાગ દ્વારા ભવિષ્યની પેઢી માટે ખરેખર માર્ગદર્શક બની રહ્યો છે. ( जयजिनेन्द्र )

- ઈન્દોરથી મીરાંબેન એમ. જૈન ( સ.નં. ૭૪૧ ) તેમણે બાલવિભાગથી લાભનો નિબંધ, ધાર્મિક કક્કો અને કોયડા ઉપરાંત જૈન ઝંડાનું સુંદર ચિત્ર ( બાળપોથી અનુસાર ) કરીને મોકલ્યું છે. સાથે એક હિન્દી–દોહરામાં લખે છે કે–

  दो एकम दो, दो दूनी चार।
  मोक्षके लिये सदा रहो तय्यार।।

- ધ્રાંગધ્રાથી સ. નં. ૫૪૩ રાજેશ્રીબેને ધાર્મિક કક્કો તથા આત્મધર્મમાંથી શોધી કાઢેલી કેટલીક કહેવતો લખી મોકલી છે :–

  ( ૧ ) મન હોય તો માળવે જવાય મુમુક્ષુ હોય તો મોક્ષે જવાય
  ( ૨ ) પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ, લાગ્યો આતમરંગ....મરે પણ મીટે નહિ.
  ( ૩ ) અરીસામાં જેવું હોય તેવું ઝળકે, જ્ઞાનમાં જ્ઞેયો હોય તેવા જણાય.

  દિલ્હીથી દીપક જૈન ( નં.૧૬૬ ) જેઓને ગુજરાતી કાચું પાકું આવડતું હોવા છતાં

ઉત્સાહથી બાલવિભાગમાં હંમેશ રસ લ્યે છે, તેમણે ધાર્મિક કક્કો લખી મોકલ્યો છે; જેમાંના કેટલાક વાકયો આ અંકના કક્કામાં આવેલ છે.

- લાઠીથી ભરતકુમાર જૈન No ૬૪૦) એક કોયડા સાથે નીચે મુજબ સુવાકયો લખી મોકલે છે –

  Cમંધર Tર્થંકર Vદેહમાં Bરાજે છે.

  અરિહંતPતા ને Gનવાણી માતાનો જય હો. કાનGસ્વામીની Oગણ ACમી જન્મજયંT Vછીયામાં થE.

## ભગવાનને ગોતો

ચાર અક્ષરનું નામ છે, તે એક ભગવાન છે;

પહેલા અને ચોથા અક્ષરમાં જંગલ છે. ત્રીજા અને ચોથા અક્ષરમાં મોટાઈ છે. ત્રીજો ચોથો ને પહેલો અક્ષર તેમાં મનુષ્ય છે. ચોથાને પહેલા અક્ષરમાં નવનિધાન છે.

– શોધી કાઢો એ તીર્થંકરદેવને. **(કોયડો મોકલનાર ભરતકુમાર જૈન લાઠી)**

- શૈલેશકુમાર ધીરજલાલ જૈન, નં ૪૫૨, લાઠી : તેમણે ધર્મનો કક્કો તથા ૧ થી ૧૦૦ સુધીના આંકની રચના લખી મોકલી છે. કેટલાક અંકોની વાકયરચના અને ભાવના બંને સુંદર છે.
- ખેડબ્રહ્માથી સ. નં. ૪૯ લખે છે કે–

  ‘‘બાલવિભાગના સભ્ય થવાથી અમે રાત્રે ખાવાનું બંધ કર્યું, સીનેમા જોવાનું પણ છોડી દીધું, અને ધર્મમાં ઘણું જાણવાનું મળ્યું. પ્રશ્નો અને જવાબો વાંચવાથી અમને ઘણો આનંદ થાય છે. અમારા બીજા મિત્રોને પણ સભ્ય બનાવવાનું મન થાય છે. અમને ભેટ મળતી ચોપડી (દર્શનકથા, ભગવાન ઋષભદેવ, ભગવાન મહાવીર વગેરે) વાંચીને આનંદ થાય છે. મને ધર્મના ચિત્રોનો શોખ છે; અમે આત્મધર્મ વાંચીએ છીએ. ને ભગવાનની ભક્તિ કરીએ છીએ. પરીક્ષા હોવાથી વિશેષ લખી શકતા નથી. -जयजिनेन्द्र

  મુંબઈથી દેવજીભાઈ એચ. જૈન ધાર્મિક કક્કો, ૧ થી ૨૦ સુધીના આંકની રચના કેટલાક દોહરા તથા આધ્યાત્મિક ચિત્રો મોકલ્યા છે. ચિત્રો દ્વારા ભેદજ્ઞાનની ભાવના રજુ કરી છે ને એક બાળક પોતાના ચૈતન્યસ્વભાવનું ધ્યાન કરે છે–તે દેખાડયું છે. કક્કો અને આંકની રચના પણ સુંદર છે. તેમાંથી યોગ્ય લાગશે તે પસંદ કરીને ઉપયોગ કરીશું. થોડોક નમૂનો–(રાગ ચોપાઈ જેવો)

  **કક્કા કેવળ જ્ઞાનસ્વરૂપ; ખખા ખરો તું આતમરૂપ.**
  **ગગા તું જ્ઞાનનો ભંડાર; ઘઘા ઘટઘટનો જાણનાર.**

- ભાઈશ્રી ધીરજલાલ જૈન–જેઓ સોનગઢમાં કેટલોક વખત રહી ગયા છે ને હાલ ઉગામેડીમાં સ્કુલના હેડમાસ્તર છે, તેમણે કાવ્યશૈલિમાં ‘‘સુપ્રભાત’’ લખી મોકલ્યું છે, ૭૯મા જન્મોત્સવ પ્રસંગે લખાયેલ ૭૯ પંક્તિના આ કાવ્યમાં ઉમરાળામાં ગુરુદેવના જન્મોત્સવ પ્રસંગના સુપ્રભાતનું તથા ગુરુમહિમાનું અલંકારિક વર્ણન છે.
- અમદાવાદથી અજયકુમારજી (નં.૮૧) એ ધાર્મિક કક્કો તેમજ આંક લખી મોકલેલ

છે. મુંબઈથી રાજેશ એન. જૈન ( નં.૨૯૬ ) પણ ધાર્મિક કક્કો લખી મોકલે છે.

- અશોકકુમાર મણિલાલ જૈન ( નં.૭૧૭ તેમણે ધાર્મિક કક્કો લખી મોકલેલ છે, તેની રચના સુંદર ભાવવાળી છે.
- ભરતકુમાર તથા દીપકકુમાર વસંતરાય જૈન ( નં. ૧૩૪૦–૧૩૪૧ ) બંને ભાઈઓએ ૧ થી ૧૦ સુધીના આંકદ્વારા ઋષભદેવ પ્રભુની સ્તુતિ ( ઋષભદેવ ભગવાનના પુસ્તકમાંથી ), તથા વિસ્તૃત ધાર્મિક કક્કો લખી મોકલ્યા છે, તેમાં દોહન સારૂં કર્યું છે. ઉપરાંત બાહુબલી ભગવાનનું મોટું ચિત્ર પેન્સીલથી દોરીને તેમણે મોકલ્યું છે. નાનકડા હાથે ચીતરાયેલા મોટા ભગવાનને દેખીને આનંદ થયો. આ ચિત્રને કારણે તેઓ ઉત્તમકક્ષાના ઈનામમાં સ્થાન મેળવે છે. સાથેના પત્રમાં તેઓ લખે છે કે– ''આવી પ્રવૃત્તિથી અમને ખાસ ઉત્સાહ મલે છે, તો હર વેકેશનમાં આવી રીતે અમારા બાલમિત્રોનો ટાઈમ આવી ધર્મપ્રવૃત્તિમાં રોકાય એવી યોજના કરવા ખાસ આગ્રહભરી વિનંતિ છે. જેથી અમને ધર્મ પ્રત્યે પ્રોત્સાહન મળે ને અશુભ ભાવથી નિવૃત્ત થવાય.''
- અંકલેશ્વરથી સ. નં.૧૧૪૨ નયનાબેન જૈને ભાવભીનાં ત્રણ ચિત્રો મોકલ્યાં છે–જેમાં ( ૧ ) કુંદકુંદપ્રભુ ધ્યાન ધરે છે, ( ૨ ) વિદેહમાં સીમંધરભગવાન પાસે જાય છે ને ( ૩ ) પોન્નૂર ઉપર સમયસાર લખે છે–એ દ્રશ્યો છે. તેમને ચિત્રોના સુંદર ભાવો બદલ ઉત્તમકક્ષાના ૧૫ લેખોમાં સ્થાન મળે છે.
- નિખીલકુમાર પ્રતાપરાય જૈન ( નં. ૯૬૧ ) કલકત્તા : તેમને કલકત્તા જેવા દૂર શહેરમાં ગુજરાતી ભાષાનો ઓછો પરિચય છતાં ભાંગીતૂટી શૈલિમાં ધાર્મિક કક્કો ને આંક લખી મોકલ્યા છે. સાથે લખે છે કે– ''બાલવિભાગમાં ઉત્સાહથી ભાગ લઉ છું; દર્શનકથા વગેરે ભેટપુસ્તકો ઘણા રસપૂર્વક વાંચ્યા, ને ખૂબ જાણવાનું મળ્યું. મારા જન્મદિવસે મને પિતાશ્રી તરફથી ભેટમાં મળેલા રૂા.૧૧ હું બાલવિભાગને ભેટ મોકલું છું. અહીં રજાને દિવસે હું જિનમંદિરે દર્શન કરવા જઉ છું; હંમેશા મોરનીંગસ્કુલ હોવાથી અને અમારા ઘરથી જિનમંદિર ઘણું દૂર પડતું હોવાથી રોજ જઈ શકતા નથી, પણ ઘરે ભગવાનના ફોટા છે તેના દર્શન તથા સ્તુતિ કરીએ છીએ. બાલવિભાગથી અમને બહુ આનંદ આવે છે.

મુંબઈથી ભરતકુમાર ચંદુલાલ જૈન ( નં.૧૭૩૫ ) તેમણે સોનગઢના સીમંધર ભગવાનનું મજાનું ચિત્ર પેન્સીલથી કરી મોકલ્યું છે. આત્મધર્મમાં આવી ગયેલા ૧૯ કોયડાની સાથે ધાર્મિક આંક ને ભાંગ્યો–તૂટયો કક્કો લખી મોકલેલ છે.

બોરીવલીથી રાજાુબેન જૈને ( નં.૧૧૩૮ ) ધાર્મિક કક્કો લખી મોકલ્યો છે. તથા હંસાબેન જૈન ( નં.૧૧૩૫ ) જેઓ કોલેજમાં અભ્યાસ કરે છે, તેઓ 'બાલવિભાગથી મને લાભ' એ વિષયમાં લખે છે કે–

''બાલવિભાગ ફક્ત નાના બાળકો માટે નથી પણ કોલેજીયનો પણ તેમાં ભાગ લઈ શકે છે–એ જાણીને મને ખૂબ આનંદ થયો; કારણ કે ફક્ત બાળકોમાં જ ધાર્મિકસંસ્કાર

રેડવાના નથી પણ તે દ્વારા બધાને શુદ્ધ અધ્યાત્મજ્ઞાન મળે –એ હેતુ છે.

બાલવિભાગદ્વારા જુદા જુદા ગામમાં ને દેશમાં રહેલા જિનસંતાનોની (–આપણા સાધર્મી ભાઈ–બેનોની) ઓળખાણ થાય છે, તે ઉપરાંત સવાલ–જવાબ દ્વારા અનેક ન સમજાતા રહસ્યોનો ઉકેલ મળે છે, તેથી જુની અને ખોટી માન્યતાઓ દૂર થાય છે, ને સાચા ધર્મનો મહિમા સમજાય છે. દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે પરમ ભક્તિ જાગે છે. તથા બાલવિભાગમાં આવતી સારી સારી શિખામણ (જેવી કે હંમેશાં ભગવાનના દર્શન કરવા, રાત્રિભોજન છોડવું વગેરે) અમારા જીવનમાં સારા સંસ્કાર પાડે છે. આ રીતે નાનપણથી ધર્મના સારા સંસ્કાર રેડાતા હોવાથી આગળ જતાં ખૂબ લાભકારી થશે–એ ચોક્કસ છે. આ રીતે બાલ વિભાગથી અમને મહાન લાભ છે. તેથી જ, 'બાલવિભાગ' શરૂ થયા પછી આખું 'આત્મધર્મ' હોંશથી વાંચીએ છીએ.'' -जयजिनेन्द्र

- પારુલબેન વસંતલાલ જૈન નં.૧૨૫૧ –તેમણે ધાર્મિક કક્કો તથા ૧ થી ૧૦૦ સુધીના આંક મોકલ્યા છે; રચના ભાવવાળી છે. સાથે એક સરસ મજાનું ચિત્ર મોકલ્યું છે. જેમાં ઘનઘોર કાળા વાદળને ભેદીને સોનેરી કહાનસૂર્ય ઊગી રહ્યો છે તે દ્રશ્ય છે, ચિત્રનો પરિચય આપતાં તેમણે લખ્યું છે કે– ''અહો, કાળા ઘનઘોર વાદળારૂપી સંસારમાં, જ્ઞાન–જ્યોતે ઝળહળતા ગુરુદેવરૂપી સોનેરી સૂરજ અમને દર્શન દે છે. શું અદ્‌ભુત છે આ દ્રશ્ય! ઓહો, અમારા ધનભાગ્ય કે આવા જ્ઞાનીપુરુષના અમને દર્શન થયા.'' (આ ચિત્રને લીધે ઉત્તમકક્ષાના લેખોમાં પારુલબેન સ્થાન મેળવે છે.)
- અમદાવાદથી પ્રવીણકુમાર સી. જૈન (નં. ૪૪૫) તથા વડોદરાથી મુકેશ અમૃતલાલ જૈન (No. ૧૭૬૫) અને વાંકાનેરથી સતીશકુમાર વૃજલાલ જૈન (નં.૧૨૩) તેમણે દરેકે ધાર્મિક કક્કો (અધૂરો) મોકલ્યો છે.
- સુધીર રતિલાલ જૈન (No. ૨૮૭) અધૂરો ધાર્મિક કક્કો, આંક તેમજ ગુરુદેવનું ચિત્ર મોકલ્યું છે. ગુરુદેવ પ્રવચન આપી રહ્યા છે તે ભાવ ચિત્રમાં ઉપસાવ્યા છે.
- મદ્રાસથી સ. નં. ૭૨૦, હસમુખ જે. જૈને મહેનતપૂર્વક ચિત્ર તૈયાર કરીને મોકલ્યું છે–તેમાં એ ભાવ દર્શાવ્યા છે કે પં. ટોડરમલ્લજી જયપુરમાં ૨૦૦ વર્ષ પહેલાં અધ્યાત્મચિઠ્ઠી લખી રહ્યા છે, અને તે ચિઠ્ઠિ મળતાં મુલતાનના સાધર્મીઓ આનંદિત થાય છે; તે ચિઠ્ઠિ ઉપર પૂ. ગુરુદેવ સોનગઢમાં પ્રવચન આપી રહ્યા છે. ઉત્તમ કક્ષાના પંદર નંબરમાં તેઓનું આ ચિત્ર પણ સ્થાન મેળવે છે.

ખેડબ્રહ્માથી ગુણવંતલાલ અમૃતલાલ જૈન (No..૨૯) મહાવીર ભગવાનનું સુંદર ચિત્ર ચીતરીને મોકલ્યું છે.

[ કોઈ નાનકડા સભ્યે બાહુબલી ભગવાન અને કુંદકુંદાચાર્યદેવ એ બંનેના ચિત્રો (આંકેલા કાગળમાં, પેન્સીલથી દોરેલા) મોકલ્યા છે. ચિત્રમાં નામ–ઠામ કે ગામ કાંઈ લખેલ નથી. જે સભ્યે એ ચિત્રો મોકલ્યા હોય તે પોતાનું નામ જણાવશે તો તેને પુસ્તકોની ભેટ મોકલવામાં આવશે. ]

# જ્ઞાની કયા ભાવે ઓળખાય ?

## (બંધભાવ વડે જ્ઞાની નથી ઓળખાતા... મુક્તભાવ વડે જ્ઞાની ઓળખાય છે)

જ્ઞાની કેવા ભાવમાં સ્થિત છે ને અજ્ઞાની કેવા ભાવમાં સ્થિત છે, તે બંનેને અત્યંત ભિન્ન ઓળખવા તેનું નામ નિપુણતા છે. આવી નિપુણતા વડે અજ્ઞાનને છોડીને તમે જ્ઞાનીપણું સેવો, એટલે કે રાગના અકર્તા થઈને જ્ઞાનભાવરૂપ પરિણમો–આવો ઉપદેશ છે.

## (કલશટીકા-પ્રવચન-કળશ ૧૯૭-૧૯૮)

જીવ જ્ઞાનસ્વરૂપ હોવા છતાં, અજ્ઞાનભાવે તે ભાવકર્મનો કર્તા–ભોક્તા થાય છે. તે કર્તા–ભોક્તાપણું આત્માનો સ્વભાવ નથી; તેથી તે મટાડવા માટે વસ્તુસ્વરૂપનો ઉપદેશ આપ્યો છે. આચાર્યદેવ કહે છે કે હે નિપુણપુરુષો ! તમે ભેદજ્ઞાનમાં પ્રવીણ થઈને ચૈતન્યતેજમાં મગ્ન થાઓ ને રાગાદિના કર્તા–ભોક્તાપણાને છોડો.

પ્રકૃતિસ્વભાવમાં એટલે રાગ–દ્વેષમાં જ અજ્ઞાની મગ્ન છે. અને જ્ઞાની તો ચૈતન્યસ્વભાવમાં મગ્ન થયો થકો તે રાગ–દ્વેષથી વિરક્ત છે. શુદ્ધચૈતન્યમાં રાગાદિનું કર્તા–ભોક્તાપણું નથી, એટલે શુદ્ધચૈતન્યને અનુભવનાર જીવ રાગાદિનો કર્તા–ભોક્તા થતો નથી; અશુદ્ધઆત્માને અનુભવનારો મિથ્યાદ્રષ્ટિ જ રાગાદિનો કર્તા–ભોક્તા થાય છે. આમ જાણીને મુમુક્ષુજીવ અજ્ઞાનીપણું છોડે છે ને જ્ઞાનીપણાને સેવે છે. કઈ રીતે જ્ઞાનીપણાને સેવે છે? –કે શુદ્ધ ચૈતન્યતેજમાં મગ્ન થઈને સમ્યક્ત્વાદિરૂપ પરિણમે છે, –એ રીતે જ્ઞાની થઇને રાગાદિના અકર્તા થાય છે.

અહા, ચૈતન્યના આનંદનો સ્વાદ ચાખે એને પરભાવનું કર્તા–ભોક્તાપણું રહે નહિ. અજ્ઞાની એકલા રાગાદિ વિકારના સ્વાદને જ અનુભવતો થકો ચૈતન્યના

આનંદસ્વાદને જાણતો નથી, એટલે તેને જ અશુદ્ધભાવથી પરભાવનું કર્તા–ભોક્તાપણું છે. મિથ્યાદ્રષ્ટિના પરિણમનનો આવો સ્વભાવ છે કે રાગાદિમાં એકત્વબુદ્ધિરૂપ પરિણમે છે. જ્ઞાની સમ્યગ્દ્રષ્ટિનો આવો સ્વભાવ છે કે તે પોતાના શુદ્ધચૈતન્યનો જ સ્વામી થઈને પરિણમે છે, અશુદ્ધભાવોમાં એકત્વબુદ્ધિરૂપ પરિણમતા નથી. આવા સમ્યગ્દ્રષ્ટિને સિદ્ધસમાન કહ્યા છે. મિથ્યાત્વ તે સંસાર છે, મિથ્યાત્વ મટતાં જીવ પોતાને સિદ્ધસદ્રશ અનુભવે છે.

શુભરાગ વખતે અજ્ઞાની રાગને જ અનુભવે છે, પણ જ્ઞાનપણે પોતાને અનુભવતો નથી; તેથી તે રાગનો કર્તા–ભોક્તા જ છે. જ્ઞાની તો રાગ વખતેય પોતાને રાગથી ભિન્ન જ્ઞાનપણે ઓળખે છે, એટલે તે રાગના કર્તા–ભોક્તા નથી. જ્ઞાની જ્ઞાનસ્વભાવમાં નિરત છે ને રાગથી વિરત છે. અજ્ઞાની રાગમાં નિરત છે ને જ્ઞાનથી વિરત છે. જ્ઞાનીના જ્ઞાનપરિણમનમાં રાગાદિનું કર્તૃત્વ નથી. અજ્ઞાનીના અજ્ઞાનપરિણમનમાં જ રાગાદિનું કર્તૃત્વ છે. અહીં તો કહે છે કે રાગાદિના કર્તૃત્વરૂપ અજ્ઞાનભાવ તે જ સંસાર છે. ને રાગના કર્તૃત્વથી છૂટેલો જ્ઞાનમયભાવ તે મુક્તસ્વરૂપ છે. સિદ્ધભગવાન જેમ વિકારને કર્તા નથી તેમ સમ્યગ્દ્રષ્ટિ પણ વિકારને તન્મયપણે કરતો નથી, તેનાથી તો તે વિરક્ત જ છે. ઉપયોગલક્ષણરૂપ આત્મા વિકારને કેમ કરે?

જેટલા રાગાદિ ભાવો છે તે બધાય કર્મ તરફના ભાવો છે, આત્માના સ્વભાવ તરફના તે ભાવો નથી. આત્માના સ્વભાવ તરફના ભાવો તો જ્ઞાનમય છે. આમ બંને ભાવને ભિન્ન જાણતા થકા નિપુણ જીવો રાગાદિનું કર્તૃત્વ છોડીને જ્ઞાનપણે જ પરિણમે છે, ને અજ્ઞાનને છોડે છે. જ્ઞાનભાવ કાંઈ વિકારપણે પરિણમતો નથી, તેથી જ્ઞાનીના જ્ઞાનભાવમાં વિકારનું કર્તૃત્વ છે જ નહિ.

જે પોતામાં રાગનું કર્તૃત્વ જ અનુભવે છે તેણે શુદ્ધઆત્માને દેખ્યો નથી. એ જ રીતે સામા જ્ઞાનીઆત્માને જે રાગના કર્તાપણે દેખે છે તેણે જ્ઞાનભાવે પરિણમતા જ્ઞાનીને ઓળખ્યા નથી, જ્ઞાનીને તે દેખતો નથી, રાગને જ દેખે છે, ભાઈ, તારે જ્ઞાનીને ઓળખવા હોય તો સંયોગથી ને રાગથી ભિન્ન એવા જ્ઞાનને દેખ. જ્ઞાની તો જ્ઞાનભાવમાં વર્તે છે; રાગાદિભાવમાં જ્ઞાની વર્તતા નથી. રાગાદિ અશુદ્ધભાવો તો જ્ઞાનથી છૂટા પડયા છે. તારે જ્ઞાનીને દેખવા હોય તો રાગના અકર્તૃત્વને દેખ. રાગના કર્તૃત્વને દેખતાં તને જ્ઞાની નહિ દેખાય; તેમાં તો રાગ જ દેખાશે.

સમ્યગ્દ્રષ્ટિ કહો કે જ્ઞાની કહો, તે શું કરે છે ? કે કેવળ જાણે છે એટલે કે માત્ર જ્ઞાનરૂપે જ પરિણમે છે, જ્ઞાન જ હું છું એમ વેદે છે, પણ રાગાદિ અશુદ્ધભાવોને કરતા કે વેદતા નથી. આ રીતે રાગ વગરનું એકલું જ્ઞાન તે મુક્તસ્વરૂપ છે, તેથી 'स हि मुक्त एव' તે જ્ઞાની મુક્ત જ છે. જ્ઞાનમાં બંધન કેમ હોય? બંધન તો અજ્ઞાનથી ને રાગથી હોય; પણ એનાથી તો જ્ઞાની જુદા પડી ગયા છે.

રાગ અને જ્ઞાનની ભિન્નતાને જે જાણે તે રાગનો કર્તા–ભોક્તા ન થાય, પણ શુદ્ધસ્વભાવરૂપ પરિણમતો થકો જ્ઞાનનો જ કર્તા થાય. જ્ઞાન સાથે આનંદનું વેદન છે. રાગાદિને પોતાથી જુદા પણ જાણે અને વળી તેનો કર્તા–ભોક્તા પણ થાય–એમ બની શકે નહિ. જેનો કર્તા –ભોક્તા થાય તેનાથી પોતાની ભિન્નતા કેમ જાણે? રાગનો જે કર્તા–ભોક્તા થાય તેણે રાગથી પોતાની ભિન્નતા જાણી નથી.

અહો, અહીં તો કહે છે કે જેવા નિર્વિકાર સિદ્ધભગવાન છે તેવો જ નિર્વિકાર સમ્યગ્દ્રષ્ટિ છે; કેમ કે સમ્યગ્દ્રષ્ટિનું જ્ઞાન પણ અશુદ્ધતાના કર્તા–ભોક્તા વગરનું છે. જુઓ, આ ચોથા ગુણસ્થાનના ધર્મીને દશા! હજી તો આત્મા જડની શરીરની ક્રિયા કરે ને તેનાથી ધર્મ થાય–એ વાત તો કયાં ગઈ? અહીં તો કહે છે કે શરીર કે તેની ક્રિયા તો આત્મામાં છે જ નહિ, રાગની ક્રિયા પણ જ્ઞાનમાં નથી. જ્ઞાનક્રિયા તે જ આત્માની ક્રિયા છે. તે જ્ઞાનક્રિયારૂપે પરિણમતો જ્ઞાની સિદ્ધભગવાનની જેમ રાગાદિનો અકર્તા છે. આ અકર્તાપણાની અપેક્ષાએ તેને મુક્ત જ કહ્યો છે.

જ્ઞાનીનું અંદરનું શુદ્ધપરિણમન રાગથી પાર છે તે શુદ્ધતાને અજ્ઞાની દેખતો નથી; કેમકે પોતાની પરિણતિ રાગથી જાુદી પડી નથી. જ્ઞાનીની પરિણતિ રાગથી જાુદી પડીને શુદ્ધચૈતન્યના આનંદને ભોગવવામાં મગ્ન થઇ છે. તે શુદ્ધપરિણતિની અપેક્ષાએ રાગાદિ પરભાવો છે તે પરદ્રવ્યની સામગ્રી છે. તે શુદ્ધ ચૈતન્યવસ્તુની સામગ્રી નથી. એનાથી રહિત શુદ્ધચૈતન્યને અનુભવતો જ્ઞાની ‘सिद्धसमान सदा पद मेरो’ એમ અનુભવે છે.

સિદ્ધભગવાનમાં રાગનો અંશ પણ નથી, અને આ કહે કે હું રાગને કરું ને રાગથી મને ધર્મ થશે,–તો એણે પોતાને સિદ્ધસમાન ન માન્યો. સિદ્ધ ભગવાન રાગ વગરના, અને આ કહે કે હું રાગવડે સિદ્ધપદને સાધું–તો એણે તો સિદ્ધભગવાન કરતાં વિરુદ્ધ પોતાનું સ્વરૂપ માન્યું. ભાઈ, જેમ સિદ્ધભગવાનમાં રાગ નથી તેમ આ આત્માના સ્વરૂપમાં પણ રાગ નથી, રાગનું કર્તા–ભોક્તાપણું જ્ઞાનમાં નથી, –એમ અનુભવમાં લે તો તું સિદ્ધના માર્ગે ચાલ્યો જા. બાકી રાગ વડે તો સિદ્ધના માર્ગે જવાતું નથી.

**અહો, ધર્મીના અંદરના અનુભવની આ અલૌકિક વાત છે.**

કેટલાક માણસો કહે છે કે ચોથા ગુણસ્થાને સમ્યગ્દ્રષ્ટિને અતીન્દ્રિયસુખનું વેદન ન હોય; અહીં તો આચાર્યદેવ કહે છે કે ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દ્રષ્ટિ મુક્ત જ છે –સિદ્ધ જેવા જ છે. સિદ્ધની જેમ રાગાદિભાવોથી છૂટા પડીને જ્ઞાનને અનુભવતા થકા અતીન્દ્રિય આનંદને તે અનુભવે છે. રાગ બાકી રહ્યો છે તેને જ્ઞાનની સાથે નથી ભેળવતા, પણ પોતાના સ્વરૂપથી ભિન્નપણે તેને જાણે છે. આવા આત્માનો અનુભવ તે મોક્ષમાર્ગ છે. આવા અનુભવ વગર મોક્ષમાર્ગ થતો નથી.

આ વસ્તુસ્વભાવના નિયમો છે. આવા નિયમને જાણે નહિ ને બીજી રીતે (એટલે કે રાગથી) ધર્મ કરવા જાય તો તે જીવ વસ્તુસ્વભાવના નિયમનો ભંગ કરે છે એટલે ગુન્હેગાર છે, આત્મામાં તો જ્ઞાન–આનંદ ને સુખ ભર્યા છે, પણ કાંઈ તેમાં રાગ–દ્વેષ કે દુઃખ નથી ભર્યા. તેથી શુદ્ધઆત્માના અનુભવમાં ધર્મીને આનંદનો જ ભોગવટો છે, રાગ–દ્વેષ–દુઃખનું કર્તા–ભોક્તાપણું નથી; આ કારણથી ધર્મીજીવ મુક્ત છે. જેમ સિદ્ધભગવાન રાગથી જુદા છે તેમ આ ધર્મી પણ રાગથી જુદો જ છે. –આવી દશાનું નામ ધર્મ છે. ને આવા ભાવ વડે જ્ઞાની ઓળખાય છે. આવી ઓળખાણ કરીને હે નિપુણ જીવો! તમે આવા જ્ઞાનીપણાને સેવો.

**આત્મધર્મ**

કારતક માસથી ૨૬મું વર્ષ શરૂ થશે
નવા વર્ષનું લવાજમ રૂા.૪/- મોકલો.

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ સૌરાષ્ટ્ર (ફોન નં.૩૪)




- નૈરોબીના સુંદરજીભાઈ હેમરાજ તા. ૨–૬–૬૮ ના રોજ મુંબઈ મુકામે હાર્ટફેઈલથી એકાએક સ્વર્ગવાસ પામી ગયા છે. તેઓ આફ્રિકાથી દેશમાં આવેલા ને વીંછીયા જન્મોત્સવમાં તેમણે ખૂબ ઉમંગથી ભાગ લીધો હતો. અમને પરદેશમાં રહેનારને આવો અવસર ફરી કયારે આવે! એવી ભાવનાથી વૈશાખ સુદ બીજને દિવસે ગુરુદેવને આહારદાનનો પણ ખાસ લાભ લીધો હતો.

- જેતપુરના શ્રી જયાલક્ષ્મીબેન (તે ધીરજલાલ ભાઈચંદ દેસાઈના ધર્મપત્ની) મુંબઈ મુકામે તા.૬–૬–૬૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને પૂ. ગુરુદેવ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો, ને થોડા વખત પહેલાં જેતપુર ગુરુદેવ પધાર્યા ત્યારે તેમણે ઉત્સાહથી લાભ લીધો હતો.

– સ્વર્ગસ્થ આત્માઓ દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો.




## વૈશાખ માસની ઈનામી યોજનમાં ઉત્તમ કક્ષાના લેખો કે ચિત્રો મોકલનાર ૧૫ સભ્યોનાં નામ-

સુભાષકુમાર વૃજલાલ જૈન (નં.૪) રાજકોટ
મહેશચંદ્ર જે. જૈન (નં.૧૩૮) મોરબી
સુશીલાબેન સી. જૈન (નં.૧૫૦૧) વલસાડ
નૈનાબેન હીરાલાલ જૈન (નં.૧૫૯૩) મુંબઈ
પારૂલકુમારી વસંતલાલ જૈન (નં.૧૨૫૧) મુંબઈ
જયશ્રીબેન અનુપચંદ જૈન (નં.૨૦૩) રાંચી
નીખીલેશ ચારૂચંદ્ર શેઠ (નં.૮૦) અમદાવાદ
કનકબાળા રતિલાલ જૈન (નં.૧૯૭૪) જોરાવરનગર
જયેન્દ્ર શાંતિલાલ જૈન (નં.૧૦૦૮) જામનગર
શૈલેશકુમાર ધીરજલાલ જૈન (નં.૪૫૨) લાઠી
અશોકકુમાર મણિલાલ જૈન (નં.૭૧૭) સોનગઢ
ભરતકુમાર વસંતરાય જૈન (નં.૧૩૪૦) રાજકોટ
હસમુખ જે. જૈન (નં.૭૨૦) મદ્રાસ
નયનાબેન જૈન (નં.૧૧૪૨) અંકલેશ્વર
નિખીલકુમાર પી જૈન (નં.૯૪૧) કલકત્તા

આ બધા સભ્યોને ધન્યવાદ સાથે ઈનામ તરીકે ઈન્ડીપેન–બોલપેનનો સેટ મોકલી દેવામાં આવ્યો છે. તથા તે સિવાયના ૪૫ જેટલા સભ્યોનું પણ લખાણ કે ચિત્ર આવેલ, તેમને દરેકને પણ ધન્યવાદ સાથે ઈનામના પુસ્તકો પોસ્ટથી મોકલાઈ ગયા છે.

બંધુઓ, તમે સૌએ હોંશથી યોજનામાં ભાગ લીધો તેથી ઘણું સારૂં સારૂં સાહિત્ય પણ ભેગું થયું–જેનું અવલોકન બાલવિભાગમાં આપીશું. બાલવિભાગના બાળકોએ જ લખેલું સાહિત્ય બાલવિભાગમાં વાંચીને સૌને જરૂર આનંદ થશે. ફરીને નવીન યોજના રજુ થાય ત્યારે આથી પણ વિશેષ ઉત્સાહથી સૌ ભાગ લેજો.

जय जिनेन्द्र

ગતાંકમાં આપેલ નામો ઉપરાંત નીચેના સભ્યો તરફથી પણ લેખ કે ચિત્ર મળેલ છે–

કનુભાઈ એમ. જૈન પ્રાંતીજ
વાસંતીબેન એચ. જૈન સોનગઢ
રોમેશકુમાર બી. જૈન (નં.૨૧૮) અમદાવાદ
જયશ્રીબેન એ. જૈન (નં.૨૦૩) રાંચી
ભરતકુમાર એચ. જૈન મુંબઈ

નવા સભ્યોને આ માસમાં જે સભ્યપત્રક મોકલ્યા તેમાં અગાઉની ટેવ મુજબ ભૂલથી ૧૦ પૈસાની ટીકીટ લગાડેલ, (નવા ચાર્જ અનુસાર પંદર પૈસા લગાડવા જોઈએ) આથી તે સભ્યોને નોટપેઈડનો ચાર્જ ભરવો પડેલ હશે. –આ માટે દિલગીર છીએ. નવા સભ્યોનાં નામ આવતા અંકે પ્રગટ કરીશું.

# વીતરાગ-વિજ્ઞાન

## ( પં. દૌલતરામજી રચિત છ-ઢાળામાં મંગલાચરણ ઉપરનું પ્રવચન )

( વીર સં.૨૪૯૨, પોષ વદ ૧૦, રવિવાર )

આ પુસ્કતનું નામ 'છ–ઢાળા' છે. આમાં જુદા જુદા છ પ્રકારના ઢાળ ( છંદ–દેશી ) માં છ પ્રકરણ છે. ૧–ચૌપાઈ, ૨ પદ્ધરી, ૩-જોગીરાસા. ૪–રોલા છંદ, ૫–ચાલ અને ૬–હરિગીત, એ પ્રમાણે છ પ્રકારના ઢાળમાં છ પ્રકરણો છે. અથવા મિથ્યાત્વાદિ શત્રુઓથી આત્માની રક્ષા કરવાના ઉપાયનું આમાં વર્ણન છે એટલે મિથ્યાત્વાદિથી રક્ષા કરવા માટે આ શાસ્ત્ર ઢાળ સમાન છે. પંડિત શ્રી દૌલતરામજીએ પોતાની શક્તિ પ્રમાણે શાસ્ત્રોનો નીચોડ કરીને આ છઢાળામાં ગાગરમાં સાગરની જેમ ભર્યો છે, પૂર્વાચાર્યોના કથનઅનુસાર શાસ્ત્રના રહસ્યની ઘણી વાત આમાં મુકી છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષાની સંસારઅનુપ્રેક્ષામાં પણ ચારગતિનાં દુઃખોનું વર્ણન આ જ શૈલીથી આવે છે, તેને અનુસરીને આ છ ઢાળામાં લખ્યું હોય એમ લાગે છે. આ છહઢાળા પાઠશાળાઓમાં પાઠયપુસ્તક તરીકે પણ પ્રસિદ્ધ છે; ઘણા જૈનો તે કંઠસ્થ પણ કરે છે. નવનીતભાઈ ઝવેરીની માંગણીથી તેના ઉપર આ પ્રવચનો શરૂ થાય છે. તેમાં પ્રથમ વીતરાગ–વિજ્ઞાનને નમસ્કાર કરીને મંગલાચરણ કરે છે–

( સોરઠા )

तीन भुवनमें सार वीतराग विज्ञानता।
शिवस्वरुप शिवकार नमुं त्रियोग सम्हारिके।।१।।

આ સોરઠીયો રાગ છે; રાણકદેવીના સોરઠા સૌરાષ્ટ્રમાં પ્રખ્યાત છે; તેમાં ગીરનારને સંબોધીને તે કહે છે કે 'મા પડ મારા વીર...ચોસલા કોણ ચડાવશે ? ' તેમ આ શ્લોકમાં સોરઠા–રાગ છે, તેની ગાવાની ખાસ હલક છે. શાસ્ત્રકાર આ મંગળશ્લોકમાં અરિહંત ભગવાનના વીતરાગ–વિજ્ઞાનને નમસ્કાર કરતાં કહે છે કે– વીતરાગ–વિજ્ઞાનરૂપ કેવળજ્ઞાન તે ત્રણ ભુવનમાં સાર છે–ઉત્તમ છે, તે શિવસ્વરૂપ એટલે કે આનંદસ્વરૂપ છે, અને શિવકાર એટલે કે મોક્ષનું કરનાર છે. આવા સારભૂત વીતરાગ–વિજ્ઞાનને હું ત્રણે યોગની સાવધાનીપૂર્વક નમસ્કાર કરું છું.

જુઓ, માંગળિકમાં વીતરાગ–વિજ્ઞાનને યાદ કર્યું છે. ચોથા ગુણસ્થાને ધર્મીને ભેદજ્ઞાન થયું ત્યારથી અંશે વીતરાગ–વિજ્ઞાન શરૂ થયું છે, ને કેવળજ્ઞાન થતાં પૂર્ણ વીતરાગ–વિજ્ઞાન પ્રગટી ગયું છે. આવું વીતરાગી–વિજ્ઞાન તે જ મોક્ષનું કારણ છે, તે જ જગતમાં ઉત્તમ અને માંગળિક છે. રાગ તરફની સાવધાની છોડીને અને આવા વીતરાગ–વિજ્ઞાન પ્રત્યે સાવધાન થઈને, તેનો આદર કરીને તેને નમસ્કાર કરીએ છીએ. વીતરાગ–વિજ્ઞાનને નમસ્કાર કર્યા તેમાં અનંતા અરિહંત ભગવંતોને નમસ્કાર આવી જાય છે, કેમકે બધાય અરિહંત ભગવંતો વીતરાગ–વિજ્ઞાનસ્વરૂપ છે. કોઈ અરિહંતનું નામ ભલે ન લીધું પણ 'વીતરાગ–વિજ્ઞાન' કહ્યું તેમાં બધાય અરિહંતો આવી ગયા; બધાય પંચપરમેષ્ઠી ભગવંતો પણ વીતરાગ–વિજ્ઞાનરૂપ છે, એટલે વીતરાગ–વિજ્ઞાનને નમસ્કાર કરતાં તેમાં બધાય પંચપરમેષ્ઠી ભગવંતો આવી ગયા.

પં. શ્રી ટોડરમલ્લજીએ પણ મોક્ષમાર્ગ–પ્રકાશકના મંગલાચરણમાં વીતરાગવિજ્ઞાનને નમસ્કાર કર્યા છે–

**"મંગલમય મંગલકરણ વીતરાગવિજ્ઞાન;**
**નમું તેહ જેથી થયા અરહંતાદિ મહાન."**

મંગલમય અને મંગલકરનાર એવું જે વીતરાગવિજ્ઞાન તેને નમસ્કાર કરું છું–કે જેને લીધે અરિહંતાદિનું મહાનપણું છે. અરિહંતાદિનું પૂજ્યપણું વીતરાગવિજ્ઞાનને લીધે જ છે. અરિહંતાદિનું સ્વરૂપ વીતરાગ–વિજ્ઞાનમય છે, અને તે ગુણને લીધે જ તેઓ સ્તુતિયોગ્ય મહાન થયા છે. જીવતત્ત્વ તો બધા સરખા છે, પણ રાગાદિ વિકાર વડે અને જ્ઞાનની હીનતા વડે જીવ નિંદા યોગ્ય થાય છે; અને રાગાદિકની હીનતા તથા જ્ઞાનની વિશેષતા વડે જીવ સ્તુતિયોગ્ય થાય છે; અરિહંત તથા સિદ્ધ ભગવંતોને તો રાગાદિનો સર્વથા અભાવ અને જ્ઞાનની પૂર્ણતા હોવાથી તેઓ સંપૂર્ણ વીતરાગ–વિજ્ઞાનમય છે; અને આચાર્ય–ઉપાધ્યાય–સાધુને એકદેશ વીતરાગતા તથા જ્ઞાનની વિશેષતા હોવાથી તેમને એકદેશ વીતરાગ–વિજ્ઞાનપણું છે. –આ રીતે પાંચે પરમેષ્ઠી ભગવંતો વીતરાગ–વિજ્ઞાનમય હોવાથી પૂજ્ય છે એમ જાણવું.

વીતરાગ–વિજ્ઞાન તે ત્રણે ભુવનમાં સારરૂપ છે. અધોલોક, મધ્યલોક કે ઊર્ધ્વલોક, નરકમાં, મનુષ્યલોકમાં કે દેવલોકમાં, ત્રણે ભુવનમાં જીવોને વીતરાગ–વિજ્ઞાન જ સારરૂપ હિતરૂપ છે, સર્વત્ર તે જ ઉત્તમ છે, તે જ પ્રયોજનરૂપ છે. જેમ 'समयसार' એટલે

સર્વ પદાર્થોમાં સારરૂપ એવો શુદ્ધાત્મા, તેને સમયસારના મંગળમાં નમસ્કાર કર્યા છે. તેમ અહીં ત્રણ ભુવનમાં સાર એવા વીતરાગ–વિજ્ઞાનને મંગળરૂપે નમસ્કાર કર્યા છે. અહો, વીતરાગ વિજ્ઞાન તે જ જગતમાં સાર છે–તે જ સારું છે, એ સિવાય શુભરાગ કે પુણ્ય તે કાંઈ સારરૂપ નથી, તે ઉત્તમ નથી; રાગ–દ્વેષ રહિત એવું કેવળજ્ઞાન જ ઉત્તમ અને સારરૂપ છે. ધર્માત્માને કેવળજ્ઞાન જોઈએ છે–એટલે તેને યાદ કરીને વંદન કરે છે ને તેની ભાવના ભાવે છે.

શ્રીમદ્ રાજચંદ્રજી પણ છેલ્લા કાવ્યમાં સર્વજ્ઞપદને યાદ કરતાં કહે છે કે–

**ઈચ્છે છે જે જોગીજન અનંત સૌખ્યસ્વરૂપ;**
**મૂળ શુદ્ધ તે આત્મપદ સંયોગી જિનસ્વરૂપ.**

સંયોગી જિન કહો કે વીતરાગ–વિજ્ઞાનસ્વરૂપ અરિહંતદેવ કહો, તે શુદ્ધ આત્મપદ છે, અને યોગીજનો–ધર્માત્માઓ તેને ચાહે છે. 'સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત રહે તદ્ ધ્યાનમહીં.' અનંત સુખસ્વરૂપ એવી કેવળજ્ઞાન પર્યાય, તે આત્માનું નિજપદ છે, તે આત્માનો શુદ્ધ સ્વભાવ છે; સન્તો તેને જ ઈચ્છે છે. વીતરાગ–વિજ્ઞાનને જે વંદન કરે તે રાગને સારભૂત કેમ માને ? –ન જ માને.

ઊર્ધ્વ લોકમાં સર્વાર્થ સિદ્ધિથી માંડીને સૌધર્મસ્વર્ગ સુધી, મધ્યલોકમાં અસંખ્યાત દ્વીપ–સમુદ્રોમાં, અને અધોલોકમાં નીચે, –એમ ત્રણે લોકમાં આત્માને સારરૂપ હોય તો તે વીતરાગી વિજ્ઞાન છે. 'વીતરાગ' કહેતાં સમ્યક્ ચારિત્ર આવ્યું, ને 'વિજ્ઞાન' કહેતા સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન આવ્યા; આ રીતે વીતરાગ–વિજ્ઞાનમાં સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્ર સમાઈ જાય છે. આવું વીતરાગવિજ્ઞાન શિવસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, મંગલરૂપ છે; પૂર્ણજ્ઞાન ને પૂર્ણ આનંદસ્વરૂપ એવું કેવળજ્ઞાન તે મહાન સારભૂત છે. ને સાધકને જે અંશે વીતરાગવિજ્ઞાન છે તે પણ આનંદરૂપ છે, તે પૂર્ણાનંદરૂપ મોક્ષનું કારણ છે. જુઓ, શરૂઆતથી જ વીતરાગ વિજ્ઞાનને મોક્ષના કારણ તરીકે બતાવ્યું; પણ શુભરાગ તે મોક્ષનું કારણ છે–એમ ન કહ્યું. આ રીતે મોક્ષના કારણરૂપ એવા વીતરાગી વિજ્ઞાનને જ સારરૂપ સમજીને તેને હું નમસ્કાર કરું છું; 'સાવધાનીથી' એટલે કે તે તરફના ઉદ્યમપૂર્વક નમસ્કાર કરું છું. રાગથી જુદો પડીને અને શુદ્ધસ્વભાવની સન્મુખ થઈને, આવી નિશ્ચય સાવધાનીપણે એટલે નિર્મોહીપણે સર્વજ્ઞને નમસ્કાર કરું છું; ને બહારમાં શુભરાગના નિમિત્તરૂપ મન–વચન–કાયાની સાવધાની છે.

આત્માના ભાન અને અનુભવપૂર્વક છદ્મસ્થનેય વીતરાગવિજ્ઞાન હોય છે; ચોથા ગુણસ્થાનથી શરૂ કરીને જેટલું સમ્યગ્જ્ઞાન છે તે રાગ વગરનું જ છે. સ્વસંવેદન છે તે વીતરાગ જ હોય છે, રાગવાળું હોતું નથી, એ વાત પરમાત્મપ્રકાશમાં વારંવાર 'વીતરાગ સ્વસંવેદન' એમ કહીને સમજાવી છે. સાધકભૂમિકામાં રાગ હો ભલે પણ તેનું જે સ્વસંવેદનજ્ઞાન છે તે તો વીતરાગ જ છે. અહીં મુખ્યપણે પૂર્ણ વીતરાગ એવા કેવળજ્ઞાનની વાત છે. અહો, જગતમાં જે કોઈ જીવ પોતાનું હિત કરવા ચાહતો હોય તેણે પૂર્ણ કેવળજ્ઞાન પદ જ નમવા યોગ્ય છે, તે જ આદરવા લાયક છે, તેને જ હિતરૂપ સમજીને તે પ્રગટ કરવા યોગ્ય છે. સર્વજ્ઞપદનો અચિંત્ય અપાર મહિમા જાણીને મારું અંતર્વલણ તે વીતરાગ વિજ્ઞાન તરફ ઢળે છે નમે છે.

જુઓ, આ માંગળિકમાં ભગવાનના ગુણને ઓળખીને નમસ્કાર થાય છે. વીતરાગ વિજ્ઞાનરૂપ કેવળજ્ઞાન તે પર્યાય છે, ને તે પ્રગટવાની આત્મામાં તાકાત છે. રાગ વગર એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે–એવું જેનું સામર્થ્ય છે તે પર્યાય આત્મામાંથી જ પ્રગટે છે. આમ શ્રદ્ધામાં લઈને ઓળખાણપૂર્વક વીતરાગવિજ્ઞાનને જેણે નમસ્કાર કર્યા તેને પોતાની પર્યાયમાં પણ અંશે એવું વીતરાગ વિજ્ઞાન પ્રગટયું, તે અપૂર્વ મંગળ છે, તે સારરૂપ છે.

'સાર' એટલે માખણ; જેમ છાશને વલોવીને તેમાંથી સારરૂપ માખણ કાઢે છે, તેમ ત્રણ લોકનું મંથન કરી કરીને સન્તોએ તેમાંથી સાર શું કાઢયો? –તો કહે છે કે– 'तीन भुवनमें सार वीतराग विज्ञानता।' વીતરાગ વિજ્ઞાન તે જગતમાં સારભૂત છે. એ સિવાય રાગથી ધર્મ માનવો તે તો પાણીને વલોવવા જેવું છે, તેમાંથી કાંઈ સાર નીકળે તેમ નથી. જ્ઞાનીઓએ જગતના સર્વે તત્ત્વોને જાણીને તેનું મંથન કરતાં તેમાંથી શુદ્ધ ચૈતન્યના કેવળજ્ઞાનરૂપી માખણ તારવ્યું. તેને જ સારરૂપ જાણ્યું. અંતર્ધ્યાનવડે ચૈતન્યને વલોવીને મુનિઓએ વીતરાગ વિજ્ઞાનરૂપ સાર કાઢયો. બાકી બાહ્યદ્રષ્ટિ જીવો તો પુણ્યરૂપી છાશમાં ભરમાઈ ગયા. તેઓ શુભરાગમાં જ સંતુષ્ટ થઈ ગયા, પણ રાગથી પાર એવા વીતરાગ વિજ્ઞાનને તેઓએ જાણ્યું નહિ. વીતરાગ વિજ્ઞાનને સારરૂપ ઓળખીને તેનું બહુમાન કરવું તે મંગળ છે.

આત્મામાંથી રાગ–દ્વેષ ટળી ગયા ને જ્ઞાનની પૂરી દશા પ્રગટ થઇ, ત્યાં ભૂખ –તરસ વગેરે ૧૮ દોષ રહિત પરમ આનંદમય કેવળજ્ઞાન થયું; તેવું કેવળજ્ઞાન પોતામાં પ્રગટ કરવા માટે તેની પ્રતીત કરીને વંદન અને આદર કરીએ છીએ. આ રીતે સર્વજ્ઞદેવની શ્રદ્ધા અને બહુમાનપૂર્વક શાસ્ત્રની શરૂઆત થાય છે.

## શક્તિના ચમકારા : ( ૪૭ શક્તિના પ્રવચનોમાંથી )

- આત્માની શક્તિઓ બધી વીતરાગસ્વરૂપ છે, તેનો ધરનાર વીતરાગ છે ને તેની સન્મુખ થતાં વીતરાગતા થાય છે. –આ રીતે દ્રવ્ય–ગુણ–પર્યાયની એકતામાં વચ્ચે ક્યાંય રાગ રહેતો નથી.
- આત્મા રાગ વિના જીવી શકે છે, પણ ચેતના વિના જીવી શકતો નથી. ચૈતન્યપ્રાણ વડે જીવતા આત્માને કોઈ હણી શકે નહિ.
- જેમ વિદ્યમાન સીમંધરભગવાનને 'जीवन्तस्वामी' કહેવાય છે, તેમ ચૈતન્યશક્તિ વડે જીવતો આત્મા તે જીવનશક્તિનો સ્વામી એટલે જીવન્તસ્વામી છે.
- લોકોમાં કહેવાય છે કે 'શક્તિપ્રમાણે આપવું.' આત્મામાં શક્તિ તો કેવળજ્ઞાનની છે, તે જો કેવળજ્ઞાન આપે તો જ તેણે શક્તિપ્રમાણે આપ્યું કહેવાય; અધૂરું આપે કે રાગ આપે તો તે શક્તિપ્રમાણે આપ્યું ન કહેવાય.

  જેમ કરોડ રૂપિયાની મૂડીવાળો માણસ જિનમંદિર બંધાવવા માટે એક પૈસો આપે તો તેણે શક્તિપ્રમાણે આપ્યું ન કહેવાય; કરોડ રૂપિયાની મૂડીવાળો કરિયાવરમાં સો–બસો રૂા. આપે તો તે કાંઈ શક્તિપ્રમાણે ન કહેવાય. ત્યાં ઓછું મળતાં અપમાન લાગે છે! તો હે ભાઈ! તારા આત્માની શક્તિમાં અનંત સામર્થ્યવાળી કેવળજ્ઞાનલક્ષ્મી છે, તેમાંથી અનંતમા ભાગનું જ્ઞાન જ તું તારી પર્યાયમાં આપે છે, તો તે શક્તિપ્રમાણે આપ્યું ન કહેવાય. –તે તો અનંતમા ભાગનું છે; તો તેમાં તને કેમ ઓછું નથી લાગતું!! શક્તિની સન્મુખ થઈને શક્તિ જેવી જ પૂર્ણ તાકાત પર્યાયમાં પ્રગટ કરે તેણે શક્તિ પ્રમાણે આપ્યું કહેવાય.
- પર્યાયમાં કાર્ય ન આવે તેણે કારણને સ્વીકાર્યું નથી. કારણની સન્મુખ થઈને તેને સ્વીકારતાં જ તેવું કાર્ય પ્રગટે છે; તે કાર્ય દ્વારા જ કારણનો સ્વીકાર થયો છે. આમ કારણ–કાર્યની સંધિ છે.
- ચૈતન્યશક્તિનો સ્વીકાર ચૈતન્યભાવ વડે જ થાય છે.
- ચૈતન્યશક્તિનો સ્વીકાર રાગભાવ વડે થતો નથી.
- આત્મામાં સુખ છે એમ ક્યારે માન્યું કહેવાય ? કે સુખનો અનુભવ પ્રગટે ત્યારે.
- આત્માની બધી શક્તિઓ આનંદદાયક છે, કેમકે આનંદ બધી શક્તિઓ સાથે વણાયેલો છે.
- શક્તિ એટલે પરમાત્માનાં ગુણો!
- અહો! એ ગુણના મહિમાનું શું કહેવું? કોઈ અલૌકિક માંગળિકકાળે આચાર્યદેવે આ શક્તિઓ લખી છે. અદ્‌ભુત ચૈતન્યરસને ઘોળીઘોળીને આ શક્તિઓ કાઢી છે. દરિયામાં ડુબકી મારીને રત્નો કાઢે, તેમ ચૈતન્ય–દરિયામાં અનુભવરૂપી ડુબકી મારીને આ અચિંત્ય રત્નો આચાર્યદેવે જગત સમક્ષ મુકયાં છે.

# બાલવિભાગના હજારો સભ્યો અમને સાધર્મીકુટુંબ સમાન ભાસે છે.

( લે : કનકબાળા રતિલાલ જૈન : નં.૧૯૭૪ જોરાવરનગર )

( ઉત્તમકક્ષાના લેખોમાં આ લેખને સ્થાન મળ્યું છે. )

આત્મધર્મના બાલવિભાગ દ્વારા હજારો બાળકોમાં નાનપણથી જે ધર્મસંસ્કારનાં બી રોપાય છે તે આગળ વધીને મોટા વૃક્ષની જેમ ફાલશે ને સમ્યગ્દર્શનાદિ મધુરા ફળ આપશે. –આ ઉત્તમ ભાવના બાલવિભાગના સભ્યપત્રકમાં ( આંબાના ઝાડ દ્વારા ) પ્રદર્શિત કરી છે.

બાલવિભાગની સરળ શૈલિ અમારા હૃદયમાં ધર્મના સંસ્કાર દ્રઢ કરે છે....ને ધર્મમાં ઉત્સાહથી રસ લેવા પ્રેરે છે. હજારોની સંખ્યામાં બાલવિભાગનાં સભ્યો તે બધાય અમને સાધર્મી–કુટુંબ સમાન ભાસે છે, કેમકે ‘સાચું સગપણ સાધર્મીનું’. ધર્મની સાધનામાં બધા સાધર્મીઓએ નમ્રપણે એકબીજાને ટેકો ને પ્રોત્સાહન આપવું જોઈએ.

બાલવિભાગની ટોચ ઉપર લખ્યું છે કે ‘અમે જિનવરનાં સન્તાન’ –એટલે આપણે જિનવરદેવની આરાધનામાં ને આજ્ઞામાં રહેનારા, અને જિનવરના માર્ગે ચાલનારા બંધુઓ છીએ. આવી ઉચ્ચ ભાવનાને બાલવિભાગ પોષે છે.

બાલવિભાગે નાના બાળકો ઉપર ચમત્કારીક અસર કરીને એમ સમજાવ્યું છે કે જીવનમાં ધર્મ જેવું બીજું કાંઈ નથી. એટલે જ્ઞાન–વૈરાગ્યની ભાવના અને તત્ત્વજ્ઞાનનો પ્રેમ જાગે છે. તેમાં આવતી રસપ્રદ પ્રશ્નોત્તરી, ટચૂકડા કાવ્યો ને રમુજી શૈલીના ઉખાણા અમને આનંદ સાથે જ્ઞાન આપે છે. આત્માર્થીતા, વાત્સલ્ય ને દેવ–ગુરુ–ધર્મની સેવાના અદ્‌ભુત સંસ્કાર અમને બાલવિભાગ દ્વારા મળે છે...તે અમારા જીવનને નવો વળાંક આપે છે અને કોલેજના અભ્યાસ કરતાં પણ ધાર્મિક અભ્યાસને વધુ મહત્ત્વનો સમજીને અમે તેના રસલ્હાણનું આસ્વાદન કરીએ છીએ. ટૂંકામાં બાલવિભાગને અમે ધર્મનું એક પવિત્ર ઝરણું માનીએ છીએ. અને દિનોદિન તેનો વિકાસ થાય એવી અંતરથી ભાવના ભાવીએ છીએ.

-जयजिनेन्द्र

## આ અંકમાં છઠ્ઠા પાને-

મનુષ્યગતિમાં સમ્યગ્દ્રષ્ટિ કરતાં મિથ્યાદ્રષ્ટિ સંખ્યાતગુણા છે એમ છપાયું છે તેને બદલે અસંખ્યાતગુણા છે એમ વાંચવું. કેમકે સમ્મૂર્છન મનુષ્યો સહિત અસંખ્યાતા જીવો મનુષ્યગતિમાં છે.

: સંપાદકીય :

## ગુરુદેવના ચરણોમાં મારા જીવનના પચીસ વર્ષ

અનુસંધાન ટાઈટલ પૃ (૨) થી

ટ્રેઈન તો મને મુકીને ચાલી ગઈ. મને આવા સંતના ચરણથી દૂર લઈ જવાનું કામ કરવાનું ટ્રેઈનને નહિ ગમ્યું હોય એટલે મને સંતના શરણમાં જ મુકીને તે તો ચાલી ગઈ.

બસ, આ ટ્રેઈનનું ચૂકી જવું એ મારા જીવનપલટાની ઘડી !

પાછો રખડતો–રખડતો હું ગુરુદેવના શરણમાં આવ્યો. અને ગુરુદેવના જાુના લખાયેલા પ્રવચનોની નકલ (પ્રેસકોપી) કરવાના કાર્ય માટે સંસ્થાએ મારી પસંદગી કરી. આ રીતે સૌથી પહેલવહેલું સમયસારના પ્રવચનો લખવાનું (પ્રેસકોપી કરવાનું) સુકાર્ય મને મળ્યું.

આ અરસામાં પૂ.ગુરુદેવના હંમેશના પ્રવચનો પૂ. બેનશ્રી–બેન બંને બેનો ઝીલીને લખતા હતા.

ગુરુદેવના પ્રવચન લખતાં મને આવડે કે નહિ–તેની મને તો હજી ખબર પણ ન હતી, પરંતુ પૂ. બેનશ્રી–બેનને કોણ જાણે કયાંથી ખબર પડી ગઈ–તે એક દિવસે તેઓશ્રીએ મને આજ્ઞારૂપ સૂચના કરી કે તમે ગુરુદેવનું વ્યાખ્યાન લખતાં શીખો ! આવડવાના કારણે નહિ પરંતુ પૂ. બેનશ્રી–બેનનાં વચનો દ્વારા મળેલા અતિશય ઉલ્લાસને કારણે, મેં પ્રવચન લખવા શરૂ કર્યા... ને તેમની પ્રેરણાના જ પ્રતાપે ત્રણેક મહિનાની પ્રેકટીસ થતાં પ્રવચન લખવામાં હું ઉત્તીર્ણ થયો. શરૂઆતમાં એક પ્રવચનના ૧૨ પાનાં લખાયેલ, પછી અનુક્રમે ૧૬ થયા અને પછી સરેરાશ ૨૦ પાનાં જેટલું લખાણ થતું. વધારેમાં વધારે ઝડપે એકવખત ૨૪ પાનાનું લખાણ થયું હતું. પછી તો લેખનકાર્ય સહજ જેવું બની ગયું. જેમ જેમ લેખન થતું ગયું તેમ તેમ ગુરુદેવના ભાવો પણ મારા મનમાં ઘૂંટાતા ગયા....ને મારા આત્મામાં તેના સંસ્કાર પડતા ગયા. પૂ. ગુરુદેવનો નીકટ સહવાસ અણસમજણપણે પણ મને ખૂબ જ ગમતો...ને ગુરુદેવ અમારા જેવા નાનકડા બાળકોને ઉલ્લાસ આપીને આનંદિત કરતા. પૂ. બેનશ્રી–બેનનાં દર્શન પણ આ બાળકને કોઈ અકલ્પિત પ્રેરણાઓ જગાડીને આત્મહિતમાં પ્રેરતા હતા.

આમ એક તરફ ગુરુદેવના પ્રવચનોનું લેખન થતું ગયું, બીજી તરફ સમજવાની જિજ્ઞાસા પણ વધતી ગઈ, ત્યાં ત્રીજી તરફથી આ 'આત્મધર્મ' માસિકની શરૂઆત થઈ. અઢીસો ગ્રાહક થાય તો ઘણા–એવી ધારણાથી શરૂ થયેલ આ માસિક આજે ગુજરાતી–હિંદી મળીને ચાર હજાર જેટલા ગ્રાહકો ધરાવે છે. આત્મધર્મનો પહેલો અંક સં.૨૦૦૦ ના માગશર સુદ બીજે પ્રસિદ્ધ થયો હતો. મુ. શ્રી રામજીભાઈની દોરવણીમાં તેનું લેખન–સંપાદન કરવાનું પણ મારા જ ભાગ્યમાં આવ્યું. આજે પચીસ વર્ષમાં ૨૫૦૦૦ જેટલા પાનાં આત્મધર્મ માટે આ હાથે લખાઈ ચૂકયાં છે, ને બીજા પણ ૨૫૦૦૦ જેટલા પાનાનું સાહિત્ય ગુરુદેવના પ્રવચનમાંથી લખાઈ ગયું છે. આ રીતે પચાસ હજાર પાનાં જેટલું

ઉચ્ચ કોટિનું અધ્યાત્મસાહિત્ય લખાયું છે; ને તે દ્વારા જિનવાણી પ્રત્યેની પરમભક્તિ પુષ્ટ થઈ છે.

સં.૨૦૦૦ માં ગુરુદેવના રાજકોટથી પુનઃ સોનગઢના વિહાર વખતે જ્યારે હું થોડા દિવસ મોરબી ગયો ત્યારે કુટુંબીજનોને લાગ્યું કે આ છોકરો ધર્મની લાઈનમાં ઉતરી જશે, એટલે આખા કુટુંબના વડીલોએ ભેગા થઈને આ માર્ગ છોડીને મુંબઈ જવા ખૂબ દબાણ કરવા માંડયું, પરંતુ– આ બાળકના હૃદયમાં તો પૂ. ગુરુદેવના ચરણનો પ્રભાવ અંકિત થઈ ચૂકયો હતો, એટલે જ્યારે મુંબઈ જવા માટે વડીલોએ દબાણ કરીને પૂછયું ત્યારે મુખને બદલે આંખોએ જ અશ્રુની ધારા વહાવીને જવાબ આપ્યો. જો કે આંખની અશ્રુધારાએ મુંબઈ જવાની વાતને ધોઈ નાંખી હતી પણ વડીલોનું દબાણ તો ઊલટું વધવા લાગ્યું, છેવટે તેમના સકંજામાંથી છૂટવા ‘રામજીભાઇ પાસેથી રજા લઈને આવું’ એમ કહીને હું ત્યાંથી ભાગી આવ્યો, ને સીધો ગુરુદેવ પાસે લાઠી શહેર પહોંચ્યો. –એ દિવસ હતો. સં. ૨૦૦૦ ના ચૈત્ર સુદ તેરસ !

આમ અનેક ખેંચતાણ વચ્ચેથી પસાર થઈને ગુરુદેવના પવિત્ર ચરણકમળમાં આ બાળક વસ્યો ને સોનગઢમાં ગુરુદેવની મીઠીમધુરી અમીછાયામાં જીવનઘડતર થતું ગયું. અહા, ગુરુદેવના ઉપકારની શી વાત !


આજે તો એ વાતને પચીસ વર્ષ–પા સૈકો–થયો...આ પચીસ વર્ષમાં તો ગુરુદેવના ચરણોમાં કેવા કેવા ઉત્તમ પ્રસંગો બન્યા...ને ગુરુદેવના શ્રીમુખથી કેવી કેવી ઉત્તમ પ્રસાદીઓ આશીર્વાદપૂર્વક પ્રાપ્ત થઈ....એનાં હજારો સંભારણા આજે આત્માને ઊંડા સંશોધનમાં લઈ જાય છે...ને આવા સંતોના પવિત્રજીવન પ્રત્યે પરમ અર્પણતા પ્રગટાવે છે.

જીવનમાં ગુરુદેવે આ વાત તો રગડી રગડીને ઘૂંટાવી છે કે, જો આત્માર્થ સાધવો જ છે તો જીવનની કોઇ પરિસ્થિતિ આપણને રોકી શકવાની નથી. આત્માર્થ સાધવાનો જ્યાં અંદરમાં દ્રઢ નિર્ણય છે ને સાચી લગન છે ત્યાં જગતસંબંધી અવનવા અનેક પ્રસંગોમાંથી પસાર થવા છતાં એ નિર્ણય કે એ લગનીને જરાય ઢીલીપોચી થવા ન દેવી, ને સંતોના ચરણમાં તેનું બળ વધારતા રહેવું, પરમ વૈભવથી ભરપૂર જે પોતાનું શુદ્ધ સ્વરૂપ તેનો મહિમા કરીકરીને તેમાં અંતર્મુખ થવું તે આપણું કર્તવ્ય છે. જીવનમાં વધુ ને વધુ વૈરાગ્યથી, વધુને વધુ આત્મરસથી ગુરુચરણમાં પોતાનું હિત સાધવાનું એક જ લક્ષ રાખીને ક્ષણક્ષણ–પળપળ આત્મસાધનામાં પ્રયત્નશીલ રહેવું.

અહો, જીવનમાં રત્નચિંતામણિ સમાન જે સન્તરત્નો મને મળ્યા છે તેમના અનંત ઉપકારના સ્મરણપૂર્વક નમસ્કાર કરું છું.

( ૨૪૯૪ અષાઢ સુદ બીજ : સોનગઢ ) **–બ્ર. હરિલાલ જૈન**

આત્મશક્તિઓની અદ્ભુતતા ઉપર પૂ. ગુરુદેવના ભાવભીનાં પ્રવચન ચાલી રહ્યાં છે. ચૈતન્યશક્તિની મહત્તા સમજવા 'આત્મવૈભવ' પુસ્તક આપે ન વાંચ્યું હોય તો અવશ્ય વાંચો ... સોનગઢથી મંગાવો. કિંમત સાડાત્રણ રૂપિયા 'આત્મવૈભવ' ની સાથે 'આત્મપ્રસિદ્ધિ'ને ન ભૂલશો.



# मोतीनन्दन के दिये हुए अच्छे मोती

o રાગને જાણતી વખતે પણ જ્ઞાન તો જ્ઞાન જ છે, જ્ઞાન કાંઈ રાગ થઈ ગયું નથી, જ્ઞાન પોતે જો રાગ થઈ જાય તો રાગને જાણે કોણ?

o શરીર તે મોક્ષનું કારણ છે એમ માનનાર શરીરનું મમત્વ કદી છોડશે નહિ એટલે શરીરરહિત મોક્ષદશાને પામશે નહિ.... ફરી-ફરીને શરીર જ ધારણ કરશે.

o મહાવીરે જે જ્ઞાનથી આ જગતને જોયું છે તે જ્ઞાન સર્વે આત્મામાં છે...એટલે કે દરેક આત્મા સર્વજ્ઞસ્વભાવથી પરિપૂર્ણ છે. તેની પ્રતીત કરનારને તે પ્રગટે છે.

o અંતરમાં ચેતનાના થનગણાટપૂર્વક જે જીવને આત્મલગની લાગી છે તે જીવ સતત પ્રયત્ન વડે સમ્યગ્દર્શન પ્રગટ કરશે જ.

o જ્ઞાનીઓએ શિખામણ આપવામાં કાંઈ બાકી નથી રાખ્યું...હવે તો જીવે પોતે જાગવાનું છે. જીવ જાગે તો એક ક્ષણમાં આત્માનું કામ કરી લ્યે એમ છે. જાગ રે જીવ જાગ!

o જ્ઞાની પુરુષોનો માર્ગ ત્યારે જ ઉપાસ્યો કહેવાય છે જ્યારે પોતે સ્વાનુભવ કરીને તે માર્ગે ચાલે. જાત-અનુભવ વડે જ જ્ઞાનીનો માર્ગ દેખાય છે.

o રાગના અભાવમાં આત્માનો અભાવ નથી થઈ જતો, કેમકે રાગ તે આત્મસ્વભાવ નથી.

જ્ઞાન ન હોય તો આત્મા ન હોય-કેમકે જ્ઞાન તે આત્મસ્વભાવ છે.
માટે જ્ઞાન ને રાગ જુદા છેઃ એક આત્મસ્વભાવ છે, ને બીજો આત્મસ્વભાવ નથી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (પ્રતઃ ૨૫૦૦)